પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૩૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૪-૦૫-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## રાજ્યમાં વાતાવરણ પલટાયું : આગામી બે દિવસમાં અનેક શહેરોમાં વરસાદ પડશે!

અમદાવાદ,

રાજ્યમાં કાળઝાળ ગરમીના લીધે હવે લોકોને રાહત મળશે, બે દિવસ બાદ રાજ્યમાં વરસાદ પડી શકે તેવી આગાહી કરવામાં આવી છે, અને હાલ વાતાવરણમાં પણ પલટો આવ્યો છે જે બતાવે છે કે ગુજરાતમાં ચોમાસુ વહેલું આવી જશે. હવામાન વિભાગે હવે વરસાદની આગાહી કરતા લોકોને હાશકારો થયો છે. હાલ રાજ્યમાં ક્યાંય હિટવેવની કોઈ આગાહી નથી. દક્ષિણ પશ્ચિમના પવન ફૂંકાવવાના કારણે ગરમીથી રાહત મળી છે. બીજી બાજુ રાજ્યમાં આગામી દિવસોમાં પ્રિ-મોન્સૂનની એક્ટિવિટી શરૂ થશે. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં બુધવારે



વરસાદ પડશે તેવું હવામાન વિભાગનું કહેવું છે. વલસાડ, નવસારી, દમણ અને દાદરાનગર હવેલીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે સુરત અને તાપીમાં સામાન્ય વરસાદ પડી શકે છે.

હાલ અમદાવાદ સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં પ્રિ-મોન્સૂન એક્ટિવીટી શરૂ થઈ ગઈ છે. જિલ્લામાં સતત બીજા દિવસે વાતાવરણમાં પલટો આવ્યો છે. આજે સવારે અમદાવાદ સહિત અનેક વિસ્તારોના આકાશમાં ઘનઘોર વાદળો છવાયેલા જોવા મળ્યા છે.ગુજરાતના કેટલાક વિસ્તારોમાં બુધવારે વરસાદ પડશે તેવું હવામાન વિભાગનું કહેવું છે. વલસાડ, નવસારી, દમણ અને દાદરાનગર હવેલીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે સુરત અને તાપીમાં સામાન્ય વરસાદ પડી શકે છે.

આ વખતે ગુજરાતમાં સામાન્ય ચોમાસું રહશે તેવું માનવામાં આવી રહ્યું છે. હવામાનની આગાહી કરતી સંસ્થા સ્કાયમેટના જણાવ્યા પ્રમાણે, ગુજરાતમાં હજુ મે મહિનાના અંત સુધી કાળઝાળ ગરમીનું પ્રમાણ યથાવત્ રહેશે. જો કે તેમાં સાધારણ વધારો-ઘટાડો નોંધાતો જોવા મળશે. આ ઉપરાંત કેરળમાં ૨૬ મેથી ચોમાસાનું આગમન થઈ શકે છે. આ સ્થિતિમાં દક્ષિણ ગુજરાતમાં ૧૦થી ૧૫ જૂન વચ્ચે અને ૧૫થી ૨૦ જૂન વચ્ચે રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં ચોમાસાનું આગમન થઈ શકે છે.

સાબરકાંઠા જિલ્લામાં પ્રિ-મોન્સૂન એક્ટિવીટી શરૂ થઈ ગઈ છે. જિલ્લામાં સતત બીજા દિવસે વાતાવરણમાં પલટો આવ્યો છે. હિંમતનગરમાં વહેલી સવારથી આકાશ વાદળોથી છવાયેલું જોવા મળ્યું. જેના કારણે ગરમી વચ્ચે પવનથી ઠંડક પ્રસરી છે. દિવસે ગરમી અને વહેલી સવારે પવન અને વાદળોના કારણે ઠંડક જોવા મળી રહી છે.રાજ્યના અને જિલ્લાના

### હાલ અમદાવાદ સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં પ્રિ-મોન્સૂન એક્ટિવીટી શરૂ થઈ ગઈ છે, વાપીમાં વરસાદ

વાતવરણાં પલટો આવ્યો છે. જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, વાપી (વલસાડ), પાટણ, જેતપુર (રાજકોટ)નો સમાવેશ થાય છે. આ જિલ્લાઓમાં સવારથી જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો જોવા મળી રહ્યા છે. તો વલસાડમાં વરસાદી છાંટા પડ્યા છે.

બનાસકાંઠામાં જિલ્લામાં સતત બીજા દિવસે વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. જિલ્લાના સરહદીય વિસ્તાર વાવ, થરાબ, સુઈગામ, ભાભર, ધાનેરા સહિતના વિસ્તારોમાં વાદળછાયું વાતવરણ સર્જાયું હતું

પાટણ જિલ્લામાં વહેલી સવારથી વાતવરણમાં પલટો જોવા મળ્યો છે. સતત ત્રીજા દિવસે જિલ્લાના વાતવરણમાં પલટો જોવા મળ્યો છે. જિલ્લામાં સવારથી જ ભારે પવન સાથે ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા હતો પાટણ જિલ્લાનું આકાશ કાળા ડિબાંગ વાદળોથી ભરાઈ ગયું હતું. ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ઉડતા રાહદારીઓને હાલાકી પડી રહી છે. બીજી તરફ ઠંડા પવનો ફૂંકાતા ગરમીથી રાહત મળી છે.

વલસાડના વાપી શહેરમાં આજે સવારે હળવા છાંટા પડ્યા છે. બીજી તરફ દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. ઘણા જિલ્લાઓમાં સવારથી વાદળછાયું વાતવરણ જોવા મળી રહ્યું છે. વાપી શહેરમાં વરસાદી છાંટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

## લગ્નગાળો અને વેકેશન ફળ્યું : ગુજરાત એસટી નિગમને માત્ર ૧૧ દિવસમાં ૯૦.૨૦ કરોડની આવક

અમદાવાદ,

છેલ્લા કેટલાક દિવસોથી રાજકોટ સહિત રાજ્યભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. અનેક સ્થળોએ ૪૩થી ૪૪ ડિગ્રી તાપમાન નોંધાઈ રહ્યું છે. જોકે સાથોસાથ ચાલુ માસમાં વેકેશન ઉપરાંત લગ્નગાળાની સીઝન પણ પૂર બહારમાં ખીલી છે. અસહ્ય ગરમી હોવા છતાં મોટી સંખ્યામાં લોકો બહાર ફરવા નીકળી ગયા છે. તેમજ લગ્નગાળામાં લોકો ખાનગી બસ કે વાહનને બદલે એસટી બસમાં મુસાફરી કરવાનું પસંદ કરી રહ્યા છે. જેને પગલે ગુજરાત ST નિગમને માત્ર ૧૧ દિવસમાં ૯૦.૨૦ કરોડની આવક થઈ છે. ૧૧ દિવસમાં ૧.૯૦ કરોડથી વધુ લોકોએ મુસાફરી કરી હતી.

રાજકોટ સહિત રાજ્યભરમાં એસટી નિગમના કુલ ૧૬ ડિવિઝનોના જુદા-જુદા ડેપો આવેલા છે. આ તમામ ડેપો ઉપરથી છેલ્લા કેટલાક દિવસથી મોટાભાગના રૂટોની બસો ચિક્કાર દોડી રહી છે. જેના કારણે એસટી નિગમને દૈનિક કરોડો રૂપિયાની



આવક થઈ રહી છે. ખાસ કરીને છેલ્લા ૧૧ દિવસ દરમિયાન લગ્નગાળો અને વેકેશનની સીઝનના કારણે ૯મેથી ૧૯ મે સુધીમાં એસટી નિગમને રૂ. ૯૦.૨૦ કરોડની તોતિંગ આવક થઈ છે.

લગ્નગાળો અને વેકેશનના કારણે ટ્રાફિકમાં વધારો થતાં એસટી નિગમને દૈનિક રૂ.૭ કરોડ આસપાસ આવક થઈ રહી છે. છેલ્લા ૧૧ દિવસ દરમિયાન ST તંત્રની બસોમાં ૧.૯૨ કરોડથી વધુ મુસાફરોએ મુસાફરી કરી છે અને દૈનિક રાજ્યની બસોમાં ૧૮ લાખથી વધુ મુસાફરો મુસાફરી કરી રહ્યા છે. ST નિગમના સુત્રોના જણાવ્યા અનુસાર ખાસ કરીને છેલ્લા ૧૧ દિવસ દરમિયાન એસટી નિગમની આવકમાં દૈનિક એક કરોડ જેટલો ખાસ્સો વધારો થયો છે. તેમજ રોજના ટ્રાફિકમાં પણ ૨૦ ટકાથી વધુનો વધારો થયો છે.

છેલ્લા ૧૧ દિવસની સરખામણી જોઈએ તો ૧૬ મેના રોજ રાજ્યની એસટી બસોમાં ૧૮.૨૬ લાખ મુસાફરોએ મુસાફરી કરી હતી. જે છેલ્લા ૧૧ દિવસમાં સૌથી વધુ છે. ૧૬મેના રોજ ST નિગમને રૂ.૮.૯૪ કરોડથી વધુની આવક પણ થઈ હતી. આ જ રીતે ૧૭મેના રોજ ૧૭.૮૭ લાખ મુસાફરોએ મુસાફરી કરી હતી અને એસટી નિગમને રૂ. ૮.૩૨ કરોડથી વધુની આવક થઈ હતી. એસટી નિગમના અધિકારી સુત્રોના જણાવ્યા મુજબ છેલ્લા ૧૧ દિવસ દરમિયાન ST નિગમે ૩.૩૬ લાખથી વધુ ટ્રીપોનું સંચાલન પણ કર્યું હતું. નિગમના સુત્રોના જણાવ્યા અનુસાર હજુ પણ ચાલુ આખો મહિનો ST બસોમાં ચિક્કાર ટ્રાફિક રહેશે અને વેકેશન તથા લગ્નગાળાની અસર વર્તાશે.


ઉલ્લેખનીય છે કે, કાળઝાળ ઉનાળો હોવા છતાં એસટી બસોમાં સતત મુસાફરોની સંખ્યા સતત વધી રહી છે. બીજી તરફ ખાનગી બસોમાં જોઈએ એવો ટ્રાફિક નજરે પડતો નથી. આ અંગે એસટી વિભાગના વર્તુળોમાંથી મળતી વિગતો મુજબ ખાસ કરીને ખાનગી બસ સંચાલકો દ્વારા છેલ્લા કેટલાક સમયથી ટૂંકા અને લાંબા અંતરની બસોમાં ૨થી ૩ ગણો ભાડાવધારો કરી દીધો છે. જેના કારણે લોકો ખાનગી બસોમાં બને ત્યાં સુધી બેસવાનું ટાળી રહ્યા છે.એસટી નિગમ દ્વારા પેટ્રોલ-ડીઝલના ભાવમાં વારંવાર તોતિંગ વધારો કરાયો છતાં હજુ સુધી ભાડામાં વધારો કર્યો નથી. જેના કારણે લોકો સતત એસટી બસોમાં મુસાફરી કરવાનું પસંદ કરી રહ્યા છે.

## દિલ્હીમાં ઝડપી પવન સાથે વરસાદ થયો, રાજસ્થાન-બિહાર સહિત ૫ રાજ્યમાં કરા અને વીજળી પડવાની ચેતવણી

નવીદિલ્હી,

પ્રી-મોન્સૂનની અસર ઉત્તર ભારતમાં જોવા મળશે. રાજસ્થાન, પંજાબ, હિમાચાલ પ્રદેશ, દિલ્હી, હરિયાણા, ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશના વિવિધ વિસ્તારોમાં વરસાદ થઈ શકે છે. જ્યારે મોસમ વિભાગે રાજસ્થાન, બિહાર, ઝારખંડ, પંજાબ અને હિમાચલપ્રદેશમાં કરા તથા યુપી એમપી અને છત્તીસગઢમાં વીજળી પડવાનું એલર્ટ આપવામાં આવ્યું છે.ઘણાં રાજ્યોમાં ઝડપી પવન ફૂંકાઈ રહ્યો છે, જેને પગલે તાપમાનથી રાહત મળશે. બીજી તરફ, બુધવારથી તાપમાન વધવાની શક્યતા છે. દિલ્હીમાં સોમવારે સવારે ભારે વરસાદને કારણે ઘણી ફ્લાઈટ્સ ડીલે થઈ હતી.

દેશની રાજધાની દિલ્હીમાં સોમવારે સવારે હવામાન બદલાયું છે. ઝડપી પવનની સાથે થયેલા ભારે વરસાદને કારણે ઘણા વિસ્તારોના ઝાડ પડી ગયાં અને વીજળીના સપ્લાયને બંધ કરવાની ફરજ પડી હતી.દિલ્હી અને એનસીઆરમાં આજે હવામાનનો ટ્રેન્ડ બદલાયો છે. જોરદાર વાવાઝોડાની સાથે વરસાદ પડ્યો છે જેના કારણે ઘણું નુકસાન થયું છે. દરમિયાન હવામાન વિભાગે વરસાદનું મિજાજ આવો જ



રહી શકે છે. ત્યારે આવતીકાલે વરસાદ ઓછો અને પવન ફૂંકાશે પરંતુ વચ્ચે-વચ્ચે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે આજનો વરસાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે થઈ રહ્યો છે જે આવતીકાલ સુધી સક્રિય રહેશે. આવી સ્થિતિમાં, ઘરની બહાર નીકળતા પહેલા, તમારે વરસાદની તૈયારી કરવી જોઈએ.

દિલ્હી-એનસીઆરમાં સવારે ૪ વાગ્યાથી સતત વરસાદ ચાલુ થયો હતો જે મોડે સુધી રહ્યો હતો કાળઝાળ ગરમી વચ્ચે હવામાનનો મિજાજ એકાએક બદલાયો છે. તે તીવ્ર પવન અને વાવાઝોડા સાથે શરૂ થયો હતો, પરંતુ પછી મૂશળધાર વરસાદે તાપમાનમાં ઘટાડો કર્યો હતો. આ સમયે દિલ્હી-એનસીઆરમાં વાતાવરણ ખુશનુમા બની ગયું છે પરંતુ કેટલીક સમસ્યાઓ પણ ઉભી થઈ છે.દિલ્હી-એનસીઆરમાં ભારે પવન સાથે વરસાદ બાદ શહેરના ઘણા ભાગોમાં રસ્તા પર પાણી ભરાઈ ગયા હતા. ગુરુગ્રામમાંથી પણ આવી તસવીરો સામે આવી છે. ગુરુગ્રામ ટ્રાફિક પોલીસે જણાવ્યું છે કે મેફિલ્ડ ગાર્ડન ચોકમાં ઘણો પાણી ભરાઈ ગયો છે.

રાજસ્થાનમાં હવામાન સતત બદલાઈ રહ્યું છે. ભીષણ ગરમી પછી રાજ્યમાં એક્ટિવ થયેલી નવી વેધર સિસ્ટમને કારણે આંધીની સાથે વરસાદ થઈ રહ્યો છે. નવી વેધર સિસ્ટમ રાજ્યમાં આગામી ૪૮ કલાક સુધી એક્ટિવ રહેશે. આગામી ૨૪ કલાકમાં ૪ જિલ્લામાં કરા પડવાનું એલર્ટ છે.

મધ્યપ્રદેશમાં હવામાન બદલાઈ રહ્યું છે રાજ્યના ઘણા વિસ્તારોમાં વરસાદ થયો છે. રીવા અને ઉમરિયામાં ૨-૨ મિમી વરસાદ નોંધાયો છે. આ સિવાય મલજખંડ, જબલપુર, ગ્વાલિયર, સતના અને ખજૂરાહોમાં ઘણી જગ્યાએ વરસાદ થયો છે. એને પ્રી-મોન્સૂન એક્ટિવિટી તરીકે જોવાઈ રહી છે. બિહારના ઘણા જિલ્લાઓમાં પ્રી-મોન્સૂનને કારણે વીજળીની સાથે ઝડપી પવન ફૂંકાઈ રહ્યો છે. પટનાને બાદ કરતાં ૨૫ જિલ્લામાં વરસાદ થયો. એનાથી તાપમાન ૫ ડીગ્રી ઘટ્યું, જોકે હજી ગરમીથી રાહત મળવાની નથી. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં કરા સાથે ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

મોસમ વિભાગે કાનપુર સહિત યુપીના ૧૬ જિલ્લામાં વરસાદનું અનુમાન વ્યક્ત કર્યું છે. એને લઈને યેલો એલર્ટ પણ ઈસ્યુ કરવામાં આવ્યું છે. લોકોને કહેવામાં આવ્યું છે કે જરૂર હોવા પર જ ઘરેથી બહાર નીકળો. મેરઠ અને આસપાસના જિલ્લાઓમાં ઝડપી પવન ફૂંકાયો હતો. આ દરમિયાન વરસાદ થયો હતો. એને કારણે હવામાન બદલાયું હતું. ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ પવન ફૂંકાયો હતો, જેના પગલે તાપમાનમાં ૨થી ૪ ડીગ્રી સુધીનો ઘટાડો નોંધાયો હતો.

(અનુ.પાના.નં.૨)

## હજુ દુનિયામાં કોરોનાએ વિદાય નથી લીધી ત્યાં મંકીપોક્સ, હેપેટાઈટીસ, ટોમેટોફ્લુનો પગ પેસારો

નવીદિલ્હી,

હજુ કોરોના દુનિયામાં ખતમ નથી થયો ત્યાં વધુ ત્રણ સંક્રામક બીમારીના પડકારે દુનિયામાં ચિંતા વધારી છે. હાલ કોરોનાની ગતિ ભલે ધીમી પડી હોય પણ તે હજું પુરેપુરો ગયો નથી. દરમિયાન મંકી પોક્સ, હેપેટાઈટીસ અને ટોમેટે ફ્લુએ પગપેસારો કરતા લોકો ભયભીત છે. ઈઝરાયેલ અને ઓસ્ટ્રીયામાં મંકીપોક્સના એક-એક કેસ મળ્યા છે.

ઈઝરાયેલમાં વિદેશથી પરત ફરેલા એક વ્યક્તિમાં મંકીપોક્સના લક્ષણ જોવા મળ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે તેલઅવીવમાં હોસ્પીટલમાં દાખલ દર્દીની હાલત ઠીક છે. મંત્રાલયે વિદેશથી પાછા આવતા લોકોને તાવ આવવા અને શરીરમાં દાણા નીકળવા પર ડોકટરનો સંપર્ક કરવાની અપીલ કરી છે. ઈઝરાયેલમાં મંકી પોકસનો કેસ પશ્ચીમ એશિયામાં પહેલા બહાર આવેલો કેસ છે. જ્યારે બ્રિટનની સ્વાસ્થ્ય સુરક્ષા એ જણાવ્યું હતું કે શુક્રવારે ૨૦ કેસ નોંધાયા હતા.

બ્રિટન, સ્પેન, પોર્ટુગલ, ઈટલી, અમેરિકા, સ્વીડન અને કેનેડામાં પણ મંકી પોકસના કેસ બહાર આવ્યા છે. ફ્રાન્સ, જર્મની, બેલ્જીયમ અને ઓસ્ટ્રેલિયામાં પણ આ રોગના કેસ બહાર આવ્યા છે. હેપેટાઈટીસઃ રહસ્યમય હેપેટાઈટીસે આખી દુનિયાને ચિંતામાં નાખી દીધું છે. યુરોપીયન સેન્ટર ફોર ડીસીઝ

(અનુ.પાના.નં.૨)

## લશ્કરના બે હાઈબ્રિડ આતંકીઓની શ્રીનગરમાંથી ધરપકડ

શ્રીનગર,

પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના બે સ્થાનિક 'હાઈબ્રિડ' આતંકવાદીઓની સોમવારે શ્રીનગરમાં ધરપકડ કરવામાં આવી હતી અને તેમની પાસેથી હથિયારો અને દારૂગોળો પણ મળી આવ્યા હતા. એક પોલીસ અધિકારીએ આ માહિતી આપી.

'હાઈબ્રિડ' આતંકવાદીઓને વાસ્તવમાં આતંકવાદી તરીકે સૂચિત કરવામાં આવતા નથી, પરંતુ આતંકવાદી ડિઝાઈન પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હોય છે અને તેઓને તેમના માસ્ટર્સ દ્વારા સોંપવામાં આવેલા કાર્ય મુજબ લક્ષ્યાંકિત હુમલાઓ કરવા માટે પૂરતી તાલીમ આપવામાં આવે છે. આતંકવાદી કૃત્ય કર્યા પછી, તેઓ સામાન્ય જીવન જીવવાનું શરૂ કરે છે અને આગામી નોકરીની રાહ જુએ છે.

કાશ્મીરના પોલીસ મહાનિરીક્ષક વિજય કુમારે ટ્વીટ કર્યું, "શ્રીનગર પોલીસે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા ટીઆરએફના બે સ્થાનિક હાઈબ્રિડ આતંકવાદીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી ગુનાહિત સામગ્રી, ૧૫ પિસ્તોલ, ૩૦ મેગેઝીન, ૩૦૦ ગોળીઓ અને એક સાયલેન્સર સહિત અનેક હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે.

તેમણે કહ્યું કે ટીઆરએફ અથવા 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' એ લશ્કર સાથે જોડાયેલી સંસ્થા છે. કુમારે કહ્યું કે કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ ચાલી રહી છે. "પોલીસ માટે આ એક મોટી સફળતા છે,"

## દેશના નવા રાષ્ટ્રપતિ બનવાની રેસમાં અનેક નામો ચર્ચામાં

નવીદિલ્હી,

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનો કાર્યકાળ આગામી ૨૪ જુલાઈના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. ત્યારે રાષ્ટ્રપતિની ચૂંટણીઓ આગામી સમયમાં યોજાશે ત્યારે તેને લઈને અત્યારથી જ કેટલાક નામો સામે આવી રહ્યા છે. દેશને પહેલા આદિવાસી રાષ્ટ્રપતિ મળે તેવી શક્યતા છે ત્યારે કેન્દ્રીય મંત્રી અર્જુન મુંડા, જુઅલ ઓરાંવ, પૂર્વ રાજ્યપાલ દ્રૌપદી મુર્મૂ તેમજ છત્તીસગઢના રાજ્યપાલ અનુસુઈયા ઉઈકે મુખ્ય આદિવાસી નેતા છે જેમના નામ પર રાષ્ટ્રપતિ પદ માટે ચર્ચા છે.

દેશના પ્રથમ આદિવાસી રાષ્ટ્રપતિ દેશને મળે તેવી શક્યતાઓ છે. અત્યાર સુધી એક પણ આદિવાસી રાષ્ટ્રપતિ દેશને નથી મળ્યા ત્યારે ખાસ કરીને લોકસભાની અંદર વિવિધ રાજ્યોને જોતા મધ્યપ્રદેશમાં ૬, ઝારખંડ ઓડિશામાં ૫-૫ લોકસભાની સીટો, ગુજરાત મહારાષ્ટ્રમાં ૪-૪ રાજસ્થાનમાં ૩-૩ બેઠકો છે.

અન્ય મિઝોરમ, ત્રિપુરા સહીતના રાજ્યોમાં પણ આદિવાસી લોકસભાની બેઠકો છે. અત્યારથી જ રાષ્ટ્રપતિ તરીકે કોનું નામ આગળ કરવું તેને લઈને ચર્ચા ચાલી રહી છે. પ્રદેશ રાષ્ટ્રીય બીજેપી અધ્યક્ષના ત્યાં આ મામલે બેઠક પણ મળી હતી.

## ભારત સહિત ૧૩ રાષ્ટ્રોનું નવું વ્યાપાર નેટવર્ક સ્થાપવાની જાહેરાત કરાઈ

વોશિંગ્ટન,

રશિયા-યુક્રેન વચ્ચેના યુધ્ધ અને અનેકવિધ ભૌગોલિક ટેન્શન વચ્ચે અમેરિકાનાં વડા જો બાઈડને નવું એશિયા પેસીફીક વ્યાપાર નેટવર્ક સ્થાપવાની જાહેરાત કરી છે અને પ્રાથમિક તબક્કે ભારત-જાપાન સહિત વિશ્વનાં ૧૩ રાષ્ટ્રો તેમાં સામેલ થશે.ક્વાડ સંમેનલમાં હાજરી આપવા ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાપાનની મુલાકાતે ગયા છે.ત્યારે ત્યા નવા ઈન્ડો પેસીફીક આર્થિક સંબંધો વિશે તેઓ અમેરિકી વડા જો બાઈડનને મળવાના છે.અમેરિકી પ્રમુખ જો બાઈડને ચીન તરફ નિશાન તાંકીને જણાવ્યું હતું કે તાઈવાનમાં શાંતિ અને અખંડીતતા માટે સમર્થન આપવા માટે અમેરિકા કટિબધ્ધ છે.

આ માટે જાપાન અને અન્યોને સંપૂર્ણ સહયોગ આપશે આ સિવાય તેઓએ એવું પણ જાહેર કર્યુ હતું કે અમેરિકા અને જાપાન અન્ય ૧૧ દેશો સાથે ઈન્ડો પેસીફીક ઈકોનોમીક નેટવર્ક સ્થાપશે.આરોગ્ય સુરક્ષા અને મજબૂત આરોગ્ય સિસ્ટમ પણ આ નેટવર્કના ભાગ રહેશે.

## ઘઉંની નિકાસ પર પ્રતિબંધના કારણે વિશ્વની સામે ઘઉંનું ગંભીર સંકટ ઉભું થયુ

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાપાનમાં ક્વાડ સભ્ય દેશોની બેઠકની બાજુમાં યુએસ પ્રમુખ જો બિડેન સાથે દ્વિપક્ષીય વાતચીત પણ કરશે. આ વાતચીતમાં રશિયા-યુક્રેન યુદ્ધ સહિત ભારતમાંથી ઘઉંની નિકાસ પર લાદવામાં આવેલા પ્રતિબંધ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. ઘઉંની નિકાસ પર પ્રતિબંધના કારણે વિશ્વની સામે ઘઉંનું ગંભીર સંકટ ઉભું થયું છે. તેનું એક મોટું કારણ રુસો-યુક્રેન યુદ્ધ છે, જેના કારણે યુક્રેન વિશ્વના તમામ દેશોમાં ઘઉંની નિકાસ કરવામાં અસમર્થ છે. ભારતે તેના પર ઘઉંની નિકાસ પર પણ પ્રતિબંધ મૂક્યો છે. ઘઉંની સમસ્યા એવી છે કે યુનાઈટેડ નેશન્સે પણ ચેતવણી આપવી પડી છે કે જો તેનું નિરાકરણ નહીં આવે તો ખૂબ જ ગંભીર



સ્થિતિ સર્જાશે. યુનાઈટેડ નેશન્સ અનુસાર વિશ્વમાં ઘઉંનો સ્ટોક માત્ર ૧૦ અઠવાડિયા સુધીનો જ છે. આ જ કારણ છે કે અમેરિકી રાષ્ટ્રપતિ બિડેન ખાસ કરીને ભારતીય પીએમ મોદી સાથે આ અંગે ચર્ચા કરશે.

નોંધનીય છે કે યુક્રેનમાં ઘઉંની નિકાસ થતી હોવાથી તેને 'બ્રેડ બાસ્કેટ' કહેવામાં આવે છે. રશિયા સાથેના યુદ્ધને કારણે યુરોપ સહિત વિશ્વના તમામ દેશોમાં ઘઉંનો સપ્લાય થઈ રહ્યો નથી. નોંધપાત્ર રીતે રશિયા અને યુક્રેન વિશ્વમાં ઘઉંના ચોથા ભાગની નિકાસ કરે છે. રશિયા ઘઉંની નિકાસનો હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યું છે. યુક્રેન પુરવઠો મોકલવામાં અસમર્થ છે. આવી સ્થિતિમાં ભારતના ઘઉંની નિકાસ પર પ્રતિબંધના કારણે સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. આ વર્ષે યુરોપ અને અમેરિકામાં ખરાબ હવામાનને કારણે ઘઉંના પાકને અસર થઈ છે. ગો ઈન્ટેલિજન્સનો રિપોર્ટ કહે છે કે અસરગ્રસ્ત ઘઉંના પુરવઠાને કારણે દુનિયાની સામે માત્ર ૭૦ દિવસનો ઘઉં બચ્યો છે.

ગો ઈન્ટેલિજન્સનાં સીઈઓ સારાહ મેનકરે ઘઉંના પુરવઠાને જોઈને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે અનાજનો પુરવઠો ઘણા પડકારોનો સામનો કરી રહ્યો છે. આ ખાતરોનો અભાવ, આબોહવા પરિવર્તન અને ખાદ્ય તેલ અને અનાજના રેકોર્ડ ઓછા ભંડારને કારણે છે. તેમણે યુએન સુરક્ષા પરિષદને કહ્યું કે તાત્કાલિક અને આક્રમક વૈશ્વિક પ્રયાસો વિના આપણે અસાધારણ માનવીય દુર્ઘટના અને માનવોને આર્થિક નુકસાન તરફ આગળ વધી રહ્યા છીએ. તેમણે ધ્યાન દોર્યું કે આવી કટોકટી વર્ષોમાં માત્ર એક જ વાર આવે છે અને ભૌગોલિક રાજકીય યુગને નાટકીય રીતે બદલી રહ્યો છે. પશ્ચિમી નિષ્ણાતો માને છે કે રશિયા ઘઉંની સપ્લાય ચેઈન, ખાસ કરીને યુક્રેનના સ્ટોકનો નાશ કરી રહ્યું છે. આ જ કારણ છે કે જાપાનમાં ક્વાડ મીટિંગ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ પીએમ મોદી સાથે ખાસ કરીને ઘઉંની નિકાસ પર પ્રતિબંધ અંગે ચર્ચા કરશે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઓડીદ્રા દુધ ઉ.સ.મં.લી.

મુ. ઓડીદ્ર, તા. ગોધરા, જી. પંચમહાલ



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.



વેલવડ અર્થ સહ.મં.લી.

મુ. વેલવડ, તા. ગોધરા, જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# રાજયકક્ષાના આરોગ્ય મંત્રી દ્વારા સંતરામપુર તાલુકાના ૭ ગામોમાં પાણીના ટેન્કરોની સુવિધા પુરી પાડી

સંતરામપુર,

સંતરામપુર તાલુકા ડોડી ગામે અને લીમડી ગામે ૭ ટેન્કર સાત ગામોમાં પંચાયતોમાં પાણી પૂરૂ પાડવાની સુવિધા પૂરી કરાઈ સંતરામપુર તાલુકો ડોડી ગામે જિલ્લા પંચાયત સીટ અને સાત ગામોમાં મોરવાહડપ ના એમએલએ અને રાજયકક્ષાના આરોગ્ય મંત્રી નિમિષાબેન સુધાર ના વરદ હસ્તે આજે ટેન્કર દ્વારા પાણીનું વિતરણ કરવામાં આવેલું હતું ૭ ટેન્ક કરો મોરવાહડપ એમએલએ ગ્રાન્ટ ફાળવીને પાણીના ટેન્કરો ની સુવિધા પૂરી પાડવામાં આવેલ હતું સંતરામપુર તાલુકાના



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

ડોળી લીમડી વિવિધ ગામોમાં પાણીની ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ હતી પાણી માટે વલખા મારવા નો વારો આવ્યો હતો આરોગ્યમંત્રી નિમિષાબેન સુથાર ગ્રાન્ટમાંથી સાત પાણીના ટેન્કરો ની ફાળવણી કરી હતી સવાર–સાંજ ગમે ત્યારે પણ ગ્રામજનોને પાણીની જરૂર પડે તો પાણી પૂરૂ પાડવાની બાહેધરી અને સૂચના આપવામાં આવી હતી આ પ્રસંગે આરોગ્યમંત્રી નિમિષાબેન સુથાર મહિસાગર જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ દશરથસિંહ બારીયા લીમડી જિલ્લા પંચાયતના સભ્ય રાજેશભાઈ પટેલિયા બળવંતભાઈ પટેલિયા કાર્યકર્તાઓ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા પાણીની સુવિધા પૂરી પાડતા ગ્રામજનોએ મંત્રી નો આભાર વ્યક્ત કર્યો હતો.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી નો સુપોષણ બાળકોનો કીટ વિતરણ કાર્યક્રમ વિંજોલ ગામમાં યોજાયો

ગોધરા,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા અને શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાયબલ ચેર સંયુક્ત ઉપક્રમે મીડિયા સેલના કન્વીનર તેમજ ઈ.સી સભ્ય શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ના ડો.અજય સોની જણાવે છે કે તાજેતરમાં ૨૧/૦૫/૨૦૨૨ ના શનિવારના રોજ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડો.પ્રતાપ સિંહ ચૌહાણ તેમજ કુલ સચિવ શ્રી ડો. અનિલ સોલંકી ના માર્ગદર્શન હેઠળ વિઝોલ ગામે ૩૨ કુપોષિત બાળકોને પૌષ્ટીક આહાર ની કીટ આપવામાં આવી, જેમાં લૉ–કોલેજ ગોધરાની વિદ્યાર્થીની લલીતાબેન બારીયા એ આ ૩૨ નંગ સુખડી ની કિટ ડોનેટ કર્યા હતા. છેલ્લા બે મહિનાથી કુપોષિત બાળકોને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દર શનિવારે દત્તક લીધેલા ગદુકપુર અને વિંઝોલ ગામ માં પોષ્ટિક આહાર ની કિટ આપી રહ્યા છે અને



હજુ પણ જ્યાં સુધી પોષિત ન થાય ત્યાં સુધી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી કીટ આપતી રહેશે. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ના કુલ સચિવ ડો.અનિલ સોલંકી સાહેબ એ નિવેદન આપ્યું હતુ ગદુકપુર અને વિઝોલ ગામના કુપોષિત બાળકો અમારા પરિવારના છે અમારી જવાબદારી બને છે કે આ બાળકોને પોષિત ન થાય ત્યાં સુધી અમે પૌષ્ટિક આહારની કીટ આપીશું. મીડિયા સેલના કન્વીનર અને ઈ.સી સભ્ય ડો.અજયભાઈ સોની નિવેદન આપ્યું કે કુપોષિત બાળક એ સામાજિક દૂષણ છે તેને દૂર કરવાનો પ્રયત્ન યુનિવર્સિટી સ્ટાફ ગણ, આંગણવાડી બહેનો કરી રહ્યા છે, તેમજ લોકોને જોડવાનો, સમાજમાં પણ સહયોગ મળવો જોઈએ, માં–બાપ પણ પોતાના બાળકોને તંદુરસ્ત બનાવવા પ્રયત્નો કરવા જોઈએ. આ કાર્યક્રમમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ના કુલ સચિવ માનનીય ડો. અનિલ ભાઈ સોલંકી, કાકણપુર બી.એસ.સી કોલેજ ના આચાર્ય કશ્યપભાઈ, વિઝોલ પ્રાથમિક શાળાના આચાર્ય બીપીન ભાઈ પરમાર, તેમજ આંગણવાડી બહેનો તેમજ યુનિવર્સિટીના સ્ટાફ ગણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય સંયોજક કુલદીપ સિંહ સોલંકી ઈ.સી સભ્ય શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા તેમજ વિજયભાઈ જલારામ હોમિયોપેથીક કોલેજના આચાર્ય તેમજ સહ સંયોજક ડો.અજય સોની ઈ.સી સભ્ય તેમજ મીડિયા સેલના કન્વીનર શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા દ્વારા આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

# ગોધરા શહેરની ધી ગોધરા સીટી કો.ઓ.બેંક લી. દ્વારા ગ્રાહક સેવા સેમીનારનું આયોજન કરાયું

ગોધરા,

આ ગ્રાહક સેવા સેમીનારમાં બેંકનાં સભાસદો,ખાતેદારો,થાપણદારો તેમજ બેંક સાથે બેંકિંગ વ્યવસાય વ્યવહારથી સંકળાયેલા તમામ ગોધરા શહેરના વેપારીઓ,ઉધોગપતિઓ, ઓટો મોબાઈલ્સના માલિકો તેમજ નાના મોટા દરેક પ્રકારનો વેપાર ધંધો કરતા મોટાભાગના વેપારી મિત્રોએ આ સેમીનારમાં સહભાગી થયા હતા અને આ સેમીનારમાં વેપારી મિત્રોને કંઈ સેવા જોઈએ છે અને કેવા કેવા પ્રકારની સેવાની આવશ્યકતા છે તેના પર ખૂબ જ વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામા આવી.આ સેમીનારમા રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના નિવૃત મેનેજર જે.વી. શાહ અમદાવાદથી પધારી ને હાલમાં કયા કયા રૂલ્સ અને રેગ્યુલેશન એક્ટ અંતર્ગત આપણી કો ઓ બેંકો કામ કરે છે અને કેવી રીતે કામ કરે છે અને કેવી મુશ્કેલીઓ પડે છે તેમા ગ્રાહક ની શું જવાબદારી અને ભૂમિકા ભજવવી જોઈએ અને બેંકે શું કરવુ જોઈએ તેની ખૂબ સરસ રીતે માહીતી આપી માર્ગદર્શન આપ્યા. બેંકના પ્રોફેશનલ ડિરેક્ટર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વેદાંત કેતનકુમાર પરીખે સેમીનારમાં ગ્રાહકમિત્રોને નવી ટેક્નોલોજી વિશે માહિતગાર કર્યા. તેના ફાયદા ગેરફાયદાની ઊંડી સમજ આપી તેમજ ટેક્સીસ વિશે પણ ગ્રાહકોએ કેવી રીતના બેંકિંગ વ્યવહારો કરવા જેથી કરીને કોઈ પણ પ્રકાર ની તકલીફ ન પડે તેની પણ સચોટ માહિતસભર જાણકારી આપી હતી. બેંકના ચેરમેન કે.ટી. પરીખે ગ્રાહકો, થાપણદારો, સભાસદો તેમજ ખાતેદારોને જેમ બને તેમ વધુ ને વધુ સારી ઝડપી તમામ સેવા સવલતો મળે અને ટેકનોલોજી યુગમાં કદમ થી કદમ મિલાવીને બેંક અને ગ્રાહક એક બીજા ના અરસ પરસ પૂરક બની ને તેનો સદઉપયોગ કરે જેથી વેપારીમિત્રો ને ખૂબ જ ઓછી તકલીફ પડે અને ખૂબ જ ઝડપથી તેમના વ્યવહાર થાય તેવા શુભ આશય થી ચાલુ સેમીનાર માં ગ્રાહકો તરફ થી આવેલ સૂચનોથી ઉમંગભેર સ્વીકાર કરી મોટાભાગની બેંક ની ધિરાણ નીતિમાં ધરખમ ફેરફાર કરી વ્યાજ દરમાં ઘટાડો કરી તેમને માંગેલી મોટાભાગ ની સેવાઓનો સ્વીકાર કરી ધંધો વેપાર કરતા ખાતેદારો ને અનુરૂપ અનુકૂળ થઈ ને બેંકની પોલીશી બનાવવી આપી.હાલમાં બેંક તેના ૯૯ વર્ષમાં કાર્યાન્વિત છે અને આવતા વર્ષે ૧૦૦ વર્ષમાં પ્રવેશ કરશે તેના ભાગરૂપે જ બેંકના સતાધિશો દ્વારા અત્યારથી જ તેના આગોતરા આયોજન પણ હાથ ધરવામાં આવ્યા છે.

આજ નો ગ્રાહક સેવા સેમીનાર ખૂબ જ સુંદર સફળ રહયો તે બદલ બેંક ના મેનેજર મનોજભાઈ શાહ દ્વારા આ સેમીનારના પધારેલ દરેક સભાસદમિત્રો, ખાતેદારો, થાપણદારો તેમજ શહેરમાંથી પધારેલ તમામ સમાજના આગેવાનોનું આભાર વ્યક્ત કરીને અભિવાદન કર્યુ હતું. સમગ્ર સેમીનારનું સંચાલન બેંક ઓફીસર રાજુભાઈ લાલવાણી દ્વારા કરવામાં આવ્યુ.

# ઝાલોદ ગામમાંથી ગુમ થયેલ અસ્થિર મગજની યુવતીનું તેના પરિવાર સાથે સુખદ મિલન કરાવતા સખી વન સ્ટોપ સેન્ટર પંચમહાલના કાઉન્સેલરો

ગોધરા,

ગોધરા શહેરના પરવડી ચોકડી ખાતે રસ્તાની સાઈડમાં એક યુવતી મળી આવી હતી. આ યુવતીને પંચમહાલ જિલ્લાના તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સુધીરસિંહ પરમારનાઓ પેટ્રોલીંગમાં નીકળેલ હતા તે દરમિયાન તેઓની આ બહેન પર પડતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ નો કોલ કરવામાં આવેલ હતો તેમજ પોલીસ હેડ ક્વાર્ટરના પી.એસ.આઈ. ભરતભાઈ એસ. રાવલ સહિતની ટીમ રાઉન્ડમાં નીકળેલ હતા અને તેમની નજર પડતા મદદ માટે ઉભા થઇ ગયેલ અને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ સિવિલ હોસ્પિટલના ડોકટરો દ્વારા આશાદીપ ફાઉન્ડેશન સંચાલિત સખીવન સ્ટોપ સેન્ટર ખાતે




આશ્રય અપાયો હતો. મળતી માહિતી મુજબ ઝાલોદ તાલુકાના વાંકોલ ગામના ૩૦ વર્ષીય અસ્થિર મગજની યુવતી પરિવારથી વિખુટી પડી ગઈ હતી.અને ગોધરા શહેરના પરવડી બાયપાસ નજીક રોડની સાઈડમાં એક યુવતી બેભાન અવસ્થામાં દેખાતા તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સુધીરસિંહ પરમારનાઓ પેટ્રોલીંગમાં નીકળેલ હતા તે દરમિયાન તેઓની આ બહેન પર પડતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ નો કોલ કરવામાં આવેલ હતો તેમજ પોલીસ હેડ ક્વાર્ટરના પી.એસ.આઈ. ભરતભાઈ એસ.રાવલ સહિતની ટીમ રાઉન્ડમાં નીકળેલ હતા અને તેમની નજર પડતા મદદ માટે ઉભા થઇ ગયેલ અને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ સિવિલ હોસ્પિટલના ડોક્ટરો દ્વારા સારવાર કર્યા બાદ ગોધરા સિવિલ સંકુલમાં કાર્યરત આશાદીપ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર ખાતે લાવવામાં આવી હતી. સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા આ યુવતીનું કાઉન્સેલિંગ કરીને સખી વન સ્ટોપની ટીમે યુવતીનું પરીવાર સાથે સુખદ મિલન કરાવીને પંચમહાલ પોલીસ અને સખી વન સ્ટોપની ટીમે સરાહનીય કામગિરી કરી છે.

(પાન નં.૪ નું ચાલુ)

## દિલ્હીમાં ઝડપી પવન....

ઝડપી પવન અને વરસાદે લોકોને ગરમીથી રાહતનો અનુભવ કરાવ્યો હતો.હવામાન વિભાગે કહ્યું છે કે ૨૬ મે સુધી રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં આકાશમાંથી વીજળી પડવાની શક્યતા વ્યકત કરી છે. આ દરમિયાન પેંડ્રા રોડમાં ઝડપી વરસાદ થયો હતો. પેંડ્રા અને જશપુર જેવી કેટલીક જગ્યાઓએ શનિવારે સાંજે અને રાતે વરસાદ થયો હતો. એક દિવસ પહેલાં રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં વરસાદ થયો હતો. ઝારખંડમાં બે દિવસથી રાંચીમાં કાળાં વાદળો અને ઝડપી પવનને કારણે અધિકતમ તાપમાનમાં રાહત અનુભવાઈ છે. ગરમીની આ સીઝનમાં પ્રથમ વખત એક દિવસમાં તાપમાન ૩૯ ડીગ્રીથી ઘટીને ૨૦ ડીગ્રીએ પહોંચ્યું છે, એટલે કે ૧૯ ડીગ્રી તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. આવનારા ત્રણ દિવસમાં અધિકતમ તાપમાન ૩૪-૩૫ ડીગ્રી સુધી પહોંચે એવી શક્યતા છે. રાંચીના મોસમ વિભાગના જણાવ્યા અનુસાર, સોમવારે વીજળી સાથે વરસાદ થવાની શક્યતા છે.

## હજુ દુનિયામાં કોરોનાએ વિદાય....

પ્રિવેન્શન એન્ડ કંટ્રોલના અનુસાર દુનિયાભરમાં આ ઘાતક બીમારીથી ૧૨ બાળકોના મૃત્યુ થયા હતા અને ૪૫૦ થી વધુ બીમાર છે. આ સંખ્યા વધવી નકકી છે. કારણ કે અત્યાર સુધી આ અજ્ઞાત બીમાર પર સંશોધન ચાલી રહ્યું છે. કારણ કે વૈજ્ઞાનિકો આશ્ચર્યચકીત છે કે આ અસામાન્ય બીમારીનું કારણ શું છે.

અત્યાર સુધીમાં ૨૧ દેશોમાં આ બીમારીના કેસ નોંધાયા છે. બ્રિટનમાં ૧૭૬ અને અમેરિકામાં ૧૧૦ કેસ નોંધાયા છે. આ બીમારીથી અમેરિકા અને ઈન્ડોનેશિયામાં પાંચ-પાંચ જયારે આયર્લેન્ડ અને ઈન્ડોનેશિયામાં પાંચ-પાંચ તેમજ આયર્લેન્ડ અને ફિલીસ્પીનમાં એક-એકના મોત થયા છે. ટોમેટો ફલુઃ ટોમેટો ફલુ કે ટોમેટો ફિવર (તાવ)ની ઝપટમાં ભારતમાં કેરલમાં ૮૦થી વધુ બાળકો આવી ગયા છે. આ વાયરસ ઈન્ફેકશનનું ટોમેટો ફલુ નામ એટલા માટે રખાયુ છે. કારણ કે આ ફલુથી સંક્રમીત બાળકોના શરીર પર ટમેટાંની જેમ લાલ રંગના દાણા થઈ જાય છે. આથી દર્દીને ત્વચા પર બળતરા અને ખંજવાળ થઈ જાય છે. સખત તાવ પણ આવે છે.

# હત્યાના ગુનામાં સજા કાપનાર કેદી પેરોલ પર મુકત થયા બાદ હાજર ન થતાં પોલીસ ફરિયાદ નોંધાઈ

ગોધરા,

વડોદરા મદયસ્થ જેલમાં હત્યાનાં ગુન્હામાં સજા ભોગવતો ગોધરા તાલુકાના કનેલાવની મુવાડીનો પાકા કામના કેદી ફર્લો રજા પર મુકત થયા બાદ પરત જેલ ખાતે હાજર ન થઈ ફરાર થઈ જતાં ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકે ગુન્હો નોંધાયો હતો.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર વડોદરા જેલમાં પાકા કામના કેદી તરીકે ગોધરા તાલુકાના કનેલાવની મુવાડી ગામનો રમેશ રયજી પરમાર કે જે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસમથક ખાતે નોંધાયેલા હત્યાનાં ગુન્હામાં નામદાર કોર્ટ દ્વારા તેને આજીવન કેદની સજા ફરમાવી હતી અને ફરમાન મુજબ વડોદરા મદયસ્થ જેલ ખાતે સજા કાપતો હતો. ત્યારે જેલોના ઈન્સ્પેકટર જનરલના હુકમથી કેદીની ચૌદ દિવસની ફર્લો રજા મંજુર કરવામાં આવી હતી. અને કેદીને મુકત કરવામાં આવ્યો હતો. જેની ૧૪ દિવસની ફર્લો રજા ગત ૩ તારીખે પૂર્ણ થતાં તેને પરત જેલ ખાતે હાજર થવાનું હતું.પરંતુ કેદી દ્વારા તેમ ન કરીને ફરાર થઈ જતાં વડોદરા મદયસ્થ જેલના જયુડીશિયલ જેલર બી.આર. પરમાર દ્વારા ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# હાલોલ આશિયાના સોસાયટીમાં ફ્લેટમાંથી ૧.૪૪ લાખ ની ચોરી

હાલોલ,

હાલોલ નગરના ગોધરા રોડ પર આવેલ આશિયાના સોસાયટીમાં આવેલ ફ્લેટમાં ફ્લેટ નંબર M0112 માં રેહતા અભય દોલરાજ ચોપડા વડોદરા ખાતે પોતાની સાસરીમાં પરિવાર સાથે ગયા હતા જેમાં રાત્રિના સુમારે તેઓના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ તેઓના ફ્લેટના મુખ્ય દરવાજાનું તાળું તોડી તસ્કરો ફ્લેટમાં ઘૂસ્યા હતા જેમાં ફ્લેટમાં આવેલ તિજોરીને તોડીને તસ્કરો સોના ચાંદીના દાગીના મળી કુલ ૧,૪૪,૫૦૦/– રૂપિયાની માલમત્તા ઉઠાવી ફરાર થઈ ગયા હતાં જેમાં બનાવ અંગેની જાણ થતા ફ્લેટ માલિક અભય દોલતરાજ ચોપડા પોતાના ફ્લેટ ખાતે દોડી આવ્યા હતાં અને પોતાના મકાનમાં ચોરી થયા અંગેની જાણ હાલોલ ટાઉન પોલીસ ને કરતા પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી જ્યારે તસ્કરોએ સોસાયટીના અન્ય એક બંધ મકાનને પણ નિશાન બનાવી તેમાં ઘૂસી તેમાંથી પણ માલમત્તા ઉઠાવી ફરાર થઈ ગયા હતા જોકે તે ફ્લેટના માલિક પ્રવીણભાઈ તલસારામ સોલંકી બહાર ગામ હોય તેઓના ફ્લેટમાંથી કેટલાં રૂપિયાની માલમત્તા ચોરાઈ છે તેની માહિતી મળવા પામી ન હતી જેમાં હાલોલ ટાઉન પોલીસ મથકે અભય દોલતરામ ચોપડાએ બંને ફ્લેટમાં ચોરી થયા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમ સામે ગુનો નોંધી તપાસનાં ચક્રો ગતિમાન કર્યા છે.

## આપની આજ.......

મેષ : આજે મેષ રાશિના લોકો માટે આજનો દિવસ સારો રહેશે. તમારી મહેનતથી તમને સારા પરિણામ મળશે. તમારા બાળક પ્રત્યેની તમારી શ્રદ્ધા વધુ મજબૂત થશે. આજે મોસાળ તરફથી પ્રેમ અને વિશેષ સહયોગની સંભાવના છે. આજે શોખ માટે પૈસા ખર્ચશો.

વૃષભ : આજે વધુ વ્યસ્ત રહેશો. પરંતુ વધારે ભીડમાં સાવચેત રહેવું. પગમાં ઈજા થવાની સંભાવના છે, સાવચેત રહો. તમારા નિર્ણયની ક્ષમતાઓનો આજે તમને લાભ થઈ શકે છે. આજે અટકેલા કામ પૂરા થશે.

મિથુન : આજનો દિવસ મિશ્રિત ફળ આપનારો છે. માનસિક અશાંતિ, ચિંતાના કારણે તમે ભટકી શકો છો. દિવસે માતા-પિતાનો ટેકો અને આશીર્વાદ રાહત આપશે. આજે સાસુ-વહુ તરફથી નારાજગીના સંકેત મળશે, મધુરવાણીનો ઉપયોગ કરો, નહીં તો સંબંધોમાં કડવાશ આવશે. જો આંખોને લગતી કોઈ સમસ્યા હોય તો તેમાં સુધારણા થશે.

કર્ક : આજે કોઈપણ વ્યક્તિ, બેંક અથવા સંસ્થા પાસેથી લોન ના લેશો, આજે લોન લેવાનું મુશ્કેલ બનશે. આજે તમને સરકાર દ્વારા સન્માન મળવાની સંભાવના રહેશે. જૂના મિત્રોનો સહયોગ મળશે અને સારા મિત્રો મળશે.

સિંહ : સિંહ રાશિના લોકોનું જ્ઞાન વધશે. તમારામાં દાન અને દાનની ભાવનાનો વિકાસ થશે. તમે ધાર્મિક વિધિઓમાં રુચિ માટે સંપૂર્ણ સહકાર આપશો. ભાગ્ય તરફથી પણ તમને પૂરો સહયોગ મળશે.

કન્યા : આજે તમે વધુ વ્યસ્ત રહેશો. પરંતુ વધારે ભીડમાં સાવચેત રહેવું. પગમાં ઈજા થવાની સંભાવના છે, સાવચેત રહો. તમારા નિર્ણયની ક્ષમતાઓનો આજે તમને લાભ થઈ શકે છે. આજે અટકેલા કામ પૂરા થશે.

તુલા : આજે તુલા રાશિના લોકો હિંમતભેર તેઓના મુશ્કેલ કાર્યો પાર પાડી શકશે. પર્યાપ્ત સહયોગથી તમને તમારા માતા-પિતાનું સુખ મળશે. શરીરમાં પીડાના કારણે પત્નીને થોડી મુશ્કેલી થઈ શકે છે. વ્યર્થ ખર્ચનો પણ યોગ છે, તમે લોકો વિશે સારું વિચારશો.

વૃશ્ચિક : આજે વ્યર્થ ખર્ચ ટાળવો જોઈએ. જે લોકો બીમાર છે તેઓની આજે પીડા વધી શકે છે. પરંતુ સાંજ સુધી આરામ મળશે. સામાજિક પ્રવૃત્તિઓમાં અડચણ નડી શકે છે. કોઈની સહાયથી, અચાનક લાભથી ધર્મ પ્રત્યેની તમારી રુચિ વધશે.

ધનુ : આજે ધન રાશિના લોકોને કિંમતી વસ્તુઓ મળી શકે છે. પરંતુ આ સાથે બિનજરૂરી ખર્ચા પણ સામે આવશે, જે માટે ના ઈચ્છતા પણ મજબૂર થવું પડશે. સાસરિયાઓથી માન મળશે. તમને તમારા વ્યવસાયમાં મન લાગશે અને કામ પૂર્ણ થશે.

મકર : આજે મકર રાશિના લોકોનું મન અશાંત રહેશે. આ કારણે ઘણી બધી સમસ્યાઓ ઊભી થઈ શકે છે. એટલું જ નહીં, વ્યવસાયના વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો આજે નિરર્થક થઈ શકે છે.

કુંભ : ગણેશજી કહે છે, કુંભ રાશિના લોકો માટે આજનો દિવસ શુભ છે. તમારા હક અને સંપત્તિમાં વધારો થશે. તમે બીજાના માટે સારું વિચારશો અને હૃદયથી સેવા પણ કરશો. આજે જો તમારે નવા કાર્યોમાં રોકાણ કરવું હોય તો તે શુભ રહેશે.


મીન : મીન રાશિના લોકો માટે બુદ્ધિપૂર્વક નવા વિચારોની શોધખોળ કરવામાં દિવસ પસાર થશે. તમે ફક્ત મર્યાદિત અને જરૂરી ખર્ચા કરો છો. તમારા પરિવારના સભ્યોથી દગો થવાની સંભાવના છે. સાંજથી રાત સુધી નજીકની મુસાફરી પણ થઈ શકે છે.

# પંજાબ પાસે પણ સ્વાસ્થ્ય, શિક્ષણ અને વીજળી મોડલ હશે : અરવિંદ કેજરીવાલની જાહેરાત

ચંડીગઢ,

આમ આદમી પાર્ટીએ ગલવાન ઘાટીના શહીદો અને ખેડૂતોના આંદોલનમાં બલિદાન આપનારાઓના પરિવારોની સંભાળ લીધી હતી. ચંદીગઢના ટાગોર થિયેટરમાં શ્રદ્ધાંજલિ આપતા, દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન અને તેલંગાણાના મુખ્ય પ્રધાન ચંદ્રશેખર રાવે પરિવારના સભ્યોને સન્માનની રકમનો ચેક સોંપ્યો હતો. ગલવાન ઘાટીના શહીદોના પરિવારોને ૧૦-૧૦ લાખ રૂપિયા અને ખેડૂતોના આંદોલનમાં બલિદાન આપનારા દરેકના પરિવારને ૩ લાખ રૂપિયાની સહાયની રકમ આપવામાં આવી હતી. આ પ્રસંગે ખેડૂત નેતા રાકેશ ટિકૈત, તેલંગાણાના મંત્રી પ્રશાંત રેડ્ડી, સાંસદ નમા નાગેશ્વર રાવ, સાંસદ વેંકટેશ નેથા અને તેલંગાણાના મુખ્ય સચિવ સુમેશ કુમાર, પંજાબના મુખ્ય સચિવ અનિરુદ્ધ તિવારી અને શહીદી આપનારાઓના સંબંધીઓ હાજર હતા.

આ અવસરે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું



હતું કે, જે રીતે આપણે દિલ્હીમાં શિક્ષણ, આરોગ્ય અને વીજળીનું મોડેલ બનાવ્યું છે, તેવી જ રીતે પંજાબમાં ખેડૂતો સાથે મળીને ખેતીને માત્ર દેશમાં જ નહીં, પરંતુ એક મોડેલ તરીકે લેવી જોઈએ. સમગ્ર વિશ્વ સમક્ષ રજૂ કરશે. મને ખાતરી છે કે, આમ આદમી પાર્ટી પંજાબમાં એવું મોડેલ બનાવશે કે ખેડૂતનો દીકરો મોટો થઈને કહે કે મારે પણ ખેડૂત બનવું છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે, જ્યાં સુધી ખેડૂતોની આવક નહીં વધે ત્યાં સુધી દેશનો ખેડૂત હંમેશા દુઃખી અને દેવામાં ડૂબેલો રહેશે અને આત્મહત્યા કરતો રહેશે. તેલંગાણાના મુખ્ય પ્રધાન કે ચંદ્રશેખર રાવે આ પ્રસંગે જણાવ્યું હતું કે, જ્યાં સુધી કેન્દ્ર સરકાર ખેડૂત કાયદો પાછો ખેંચી લીધો નહીં ત્યાં સુધી તમે તમારી લડત ચાલુ રાખી, તમને બધાને વંદન. અમે શહીદોને પરત લાવી શકતા નથી, પરંતુ અમે ચોક્કસ સંવેદના વ્યક્ત કરી શકીએ છીએ કે આખો દેશ તમારી સાથે છે. અફસોસની વાત છે કે આઝાદીના ૭૫ વર્ષ પછી પણ આપણે આવી સભાઓ યોજવી પડે છે. આંખોમાં પાણી આવી જાય છે. ભારે પીડા થાય છે. આપણો દેશ આવો કેમ છે? દરેકે દરેક વસ્તુ માટે સખત મહેનત કરવી પડે છે. તેનું મૂળ ક્યાં છે અને તેનું કારણ શું છે. આ બાબતની ચર્ચા થવી જોઈએ. પંજાબ એક એવી મહાન ભૂમિ છે જ્યાંથી શહીદ એ આઝમ ભગતસિંહ આઝાદી માટે લડ્યા હતા.

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું હતું કે, અમારી સરકારની સૌથી મોટી પ્રાથમિકતા માત્ર ખેડૂતોની લોન માફ કરવાની નથી, પરંતુ તેમને દેવા મુક્ત બનાવવાની પણ છે, જેથી કરીને તેઓ પોતાના પગ પર ઊભા રહી શકે. ભગવંત માને કહ્યું કે, અગાઉની સરકારોએ અન્નદાતાઓને ભિખારી બનાવ્યા અને હવે અમારી સરકાર ખેડૂતો પાસેથી જે દરજ્જો છીનવી લેવામાં આવ્યો હતો તે પાછો મેળવવાનો પ્રયાસ કરી રહી છે. ગલવાન ઘાટીના શહીદોના પરિવારો સાથે સંવેદના વ્યક્ત કરતા ભગવંત માનએ કહ્યું કે તેમની શહાદતને કોઈપણ સંજોગોમાં અવગણી શકાય નહીં. કારણ કે અમે તેમની બાજુથી ઘણી મુશ્કેલીઓ સહન કર્યા બાદ આપણે ઘરમાં શાંતિથી સૂઈ શકીએ.

શહીદી વહોરનારાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ કેજરીવાલે કહ્યું કે, તમે લોકોએ તેમના પ્રિયજનોને ગુમાવ્યા છે, તેમના જીવનની કિંમત ન આપી શકાય. જો કોઈ મૃત્યુ પામે છે, તો તેની કોઈ કિંમત નથી. આજે આ સન્માનની રકમ આપવાનો એક જ હેતુ છે કે અમે તમને બધાને કહેવા માંગીએ છીએ કે, આખો દેશ તમારી સાથે છે. અમને એ લોકો પર, ગલવાન ઘાટીમાં શહીદી આપનારા સૈનિકો અને ખેડૂતો પર ગર્વ છે, જેમણે દેશની અંદર ખેતીને બચાવવા માટે એક વર્ષ સુધી લડત આપી અને આ દરમિયાન પોતાની શહીદી આપી હતી. આ આંદોલન માત્ર પંજાબ અને હરિયાણાના ખેડૂતોનું ન હતું, પરંતુ આ આંદોલન સમગ્ર દેશનું હતું. તેથી જ આ ભાવના સાથે તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવ તમને લોકોનું સન્માન કરવા તેલંગાણાથી તમારી વચ્ચે આવ્યા છે.

કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા તેમણે કહ્યું કે, દિલ્હીમાં ઘૂસીને ખેડૂતોને સ્ટેડિયમમાં કેદ કરવાની કેન્દ્ર સરકારની યોજના છે. અમને સ્ટેડિયમને જેલમાં બદલવાનો અધિકાર હતો, કેન્દ્ર સરકારે ઘણું દબાણ કર્યું, પરંતુ અમે દબાણમાં કોઈ કામ કર્યું નથી. ખેડૂતો પહેલા હરિયાણા અને પંજાબથી ગયા હતા અને ખેડૂતો દિલ્હી તરફ ગયા હતા. પછી એક ફાઈલ આવી કે ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરી રહ્યા છે, આ તમામ ખેડૂતોની ધરપકડ કરવા માટે, દિલ્હીના તમામ સ્ટેડિયમોને જેલ બનાવવા પડશે, જેથી જ્યારે ખેડૂતો દિલ્હીમાં પ્રવેશ કરશે, ત્યારે અમે બધાને કેદ કરીશું. સદનસીબે, દિલ્હી સરકારને સ્ટેડિયમને જેલમાં બદલવાનો અધિકાર હતો.

કેજરીવાલે જણાવ્યું હતું કે, જ્યારથી પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર બની છે, ત્યારથી અમારો પહેલો પ્રયાસ એ છે કે ખેડૂતોની આવક કેવી રીતે વધારવી. અમે સંપૂર્ણ રીતે આ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે જ્યાં સુધી ખેડૂતોની આવક નહીં વધે ત્યાં સુધી દેશની અંદર ખેડૂત હંમેશા દુઃખી રહેશે, આત્મહત્યા કરશે, હંમેશા દેવામાં જ રહેશે. પંજાબના નવા મુખ્યમંત્રી, સરદાર ભગવંત માન પણ ખેતીની પૃષ્ઠભૂમિમાંથી આવે છે તે વાતનો ખૂબ આનંદ છે. તેથી જ માન સાહેબે નિર્ણય લીધો કે જ્યાં સુધી આગળનો પાક ન થાય ત્યાં સુધી અમે મગનો પાક ઉગાડીશું અને પંજાબ સરકાર મગના પાક પર એમએસપી આપશે. દિલ્હીની જેમ પંજાબમાં પણ હોસ્પિટલ અને મહોલ્લા ક્લિનિક ખોલવામાં આવશે અને શાળાઓ અને વીજળી પણ નિશ્ચિત કરવામાં આવશે.

## મોટું કામ જ મોતનું કારણ!? :

# દાહોદમાં હત્યાનો ભોગ બનેલા યુનુસભાઈએ મિત્ર વર્તુળમાં કહ્યુ હતું-મારૂ એક મોટુ કામ થઈ ગયુ, જેમાં લાખોનો ફાયદો છે

**પાંચ વર્ષથી એક જ પેથોલોજી લેબમાં નોકરી કરનાર મુસ્તુફા હત્યારો બની ગયો મુસ્તુફા નિયમિત અને હિસાબમાં ચોખ્ખો હતો : લેબ સંચાલક**

દાહોદ,

દાહોદ શહેરમાં દાઉદી વ્હોરા સમાજના યુવકને ચપ્પુના ઘા વડે શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળ પર મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. આ આરોપી હજી પોલીસની પકડથી દુર છેય ત્યારે પાંચ વર્ષથી એક લેબોરેટરીમાં સામાન્ય નોકરી કરતો યુવક લોહીનો તરસયો કેમ બની ગયો તે સઘન સંશોધનનો વિષય છે. બીજી તરફ જાણવા મળ્યા મુજબ મૃતકે ઘટનાના ચારેક દિવસ પહેલા જ મિત્ર વર્તુળમા કોઈને કહ્યુ હતુ કે, મારૂ એક મોટુ કામ થઈ ગયુ છે. જેમાં મને લાખો રૂપિયા મળવાના છે. કદાચ આ મોટું કામ તેના મોતનુ કારણ બની ગયુ છે કે કેમ તે પણ તપાસનો વિષય છે.

દાહોદ શહેરમાં આવેલ દેસાઈવાડા કુકડા ચોક અને પોલીસ ચોકી નંબર ૧થી થોડે દુર ગત શનિવારે સમી સાંજના ૫:૩૦ વાગ્યાના આસપાસ વ્હોરા સમાજના યુનુસભાઈ કતવારાવાલા નામના યુવકની ચપ્પુના ઉપરા છાપરી ઘાટ મારી હત્યા કરી દેવામા આવી હતી. મુસ્તફા શેખ નામના યુવકે આ હત્યા કરી હોવાનુ પોલીસ જણાવી રહી છે. આ આરોપી અને તેનો પિતા બંન્ને હાલ ફરાર છે. ઘટનાને બે દિવસ થવા આવ્યા છતાં પોલીસ કોઈ પગેરૂં મેળવી શકી નથી. મુસ્તુફા શેખ છેલ્લા પાંચ વર્ષથી દાઉદી વ્હોરા સમાજના સંચાલકની પેથોલોજી લેબોરેટરીમાં નોકરી કરતો હતો. આ લેબના માલિકના જણાવ્યા અનુસાર મુસ્તુફા કામમાં નિયમિત હતો તેમજ હિસાબમા પણ ચોખ્ખો હતો. આમ પાંચ વર્ષથી એક જ જગ્યાએ ઈમાનદારીથી નોકરી કરનાર યુવક કોઈની હત્યા કરવા પર કેમ ઉતરી આવ્યો તે વિચાર માંગી લે તેવી બાબત છે. મુસ્તુફાનો પિતા દાહોદમા બાદશાહના નામથી જાણીતો છે, તે વ્યવસાયે ડ્રાઈવર છે અને કુશળ ડ્રાઈવર માનવામા આવે છે.

બીજી તરફ જમીનની દલાલીને ધંધો કરનાર યુનુસભાઈ કતવારાવાલા વર્ષો પહેલાં રોજગાર અર્થે કુવૈત ગયા હતા અને ત્યાંથી કોઈ કારણોસર પરત આવી ગયા હતા. તેમનુ ઘર દાહોદમા જ હોવા છતાં તેઓ કોઈક કારણોસર દાહોદમાં તેમની સાસરીમા તેમની પત્ની અને બે દીકરીઓ સાથે રહેતા હતા. અંગત માહિતી પ્રમાણે તેમની હત્યા થઈ તેના ત્રણ ચાર દિવસ પહેલાં તેમણે મિત્ર વર્તુળમા જણાવ્યુ હતુ કે, તેમનુ એક મોટુ કામ થઈ ગયુ છે. જેમા લાખો રૂપિયાનો ફાયદો થવાનો છે. તેના ચારેક દિવસ પછી જ તેમની હત્યા થઈ ગઈ હતી.

યુનુસભાઈ પંદર દિવસે મહિને એક સામાન્ય દુકાને વાળ દાઢી કરાવવા આવતા હતા. અહીં વાળ દાઢી કરાવ્યા બાદ તેઓ આ દુકાનદારને કોઈ વાર ૩૦૦ તો કોઈ વાર ૩૫૦ રૂા. ખુશીથી આપતા અને આવુ વર્ષ મા એક વાર નહી જેટલી વાર આવતા એટલી વાર આવુ બનતુ હતુ. જોકે, હવે હત્યા કેમ કરવામા આવી અને હત્યારો ક્યારે ઝડપાય તેના પર જ દાહોદવાસીઓની મીટ મંડાયેલી છે.

# દાહોદ વ્હોરા સમાજમાં ભારે રોષ : હત્યારાને પકડવા SPને રજુઆત


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના પાણીગેટ પાસે બે દિવસ અગાઉ નજીવી બાબતે થયેલ તકરારમાં વ્હોરા સમાજના યુવાનની ચપ્પુ મારી હત્યા કરી આરોપી નાસી છુટવાના બનાવથી વ્હોરા સમાજમાં ભારે રોષ વ્યાપી ગયો હતો અને આરોપીને ઝડપથી પકડી પાડી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી રજુઆત આજરોજ દાહોદ એ.એસ.પી.ને કરી હતી.

દાહોદના પાણીગેટ પાસે બે દિવસ અગાઉ યુનુસ કતવારાવાલાને જાહેર માર્ગ ઉપર ચપ્પુના ઉપરા છાપરી ઘા મારી આરોપી મુસ્તુફા સાકીર ઉર્ફે બાદશાહ શેખ (રહે. ગોધરા રોડ, મેમુનનગર, ખાજાપાર્ક સોસાયટી) નાસી છુટવાના બનાવના પગલે પોલીસે આરોપી મુસ્તુફાની ઓળખ કરી શોધખ આદરી છે. આ બનાવના પગલે વ્હોરા સમાજમાં દુઃખ સાથે રોષની લાગણી ફેલાઈ જવા પામી છે ત્યારે આજરોજ વ્હોરા સમાજના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થઈ એ.એસ.પી. સમક્ષ આરોપીને ઝડપી પકડી પાડી કાર્યવાહી કરવામાં આવે જેથી દાહોદમાં આવા બનાવ ન બને અને લોકોમાં ભય દુર થાય તેવી રજુઆત કરવામાં આવી હતી.

આ ઘટનામાં પોલીસે હત્યા થયેલ વિસ્તારના સીસીટીવી ફુટેજોની પણ ચકાસણી હાથ ધરી છે અને તે સાથે આરોપી અને તેના પિતા બંન્ને જે ફરાર છે તેની શોધખોળના ચક્રોગતિમાન કર્યા છે વધુમાં જાણવા મળ્યાં અનુસાર, પોલીસે આરોપી સિવાય અન્ય એક શંકાસ્પદ ઈસમની પુછપરછો પણ હાથ ધરી હતી ત્યારે બીજી તરફ આરોપીને ઝડપથી શોધી કાઢવા પોલીસે અલગ અલગ ટીમો બનાવી ડોગ સ્કોવર્ડની મદદ પણ લીધી છે.

# દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાની ગર્ભવતી પરણિતાને સાત વર્ષના પુત્ર સાથે ઉત્તરપ્રદેશના ઈસમ દ્વારા અપહરણ

- **મોરબી બાજુ કંપનીમાં મજુરી કામે જતા મહિલા સાથે ઉત્તર પ્રદેશના ઈસમ દ્વારા પરિચય કેળવી ગેરલાભ ઉઠાવ્યો.**
- **અપહરણનો ભોગ બનેલી મહિલાના પેટમાં પાંચ માસનો ગર્ભ ઉછરી રહ્યો છે.**
- **પરણિતાનુ ઉત્તરપ્રદેશના ઈસમ દ્વારા સુખસર માંથી અપહરણ થયું હોવા બાબતે પરિણીતાના પતિ દ્વારા પોલીસને જાણ કરાઈ.**

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં સગીરાઓ સહિત પુખ્ત ઉંમર અને પરિણીત મહિલાઓના અપહરણના કિસ્સાઓ વધતા જાય છે. જે પૈકી મોટાભાગના કિસ્સાઓમાં સમાધાન કરી લેવામાં આવતા પોલીસ દફતર સુધી પહોંચતા નથી. અને જે કિસ્સાઓ પોલીસ સ્ટેશન સુધી પહોંચે છે તેમાંથી ગણયાગાંઠયા અપહરણકારોની વિરૂદ્ધમાં ગુના દાખલ થાય છે. કાયદાકીય જોગવાઈઓ મુજબ અપહરણકાર ઈસમો સામે ગુના દાખલ કરવામાં આવે તો ખાસ કરીને સગીરાઓ તથા પરણિત મહિલાઓ ના થતા અપહરણ ઉપર અંકુશ લાવી શકાય તેમાં કોઈ બેમત નથી.પરંતુ આવા કિસ્સાઓ ઉપર શામ, દામ, દંડ ની નીતિ અપનાવી સમાધાન કરી લેવામાં આવતા અપહરણના બનાવોમાં વધારો થઈ રહ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ એક ગામડાનુ યુગલ મહેનત મજૂરી અર્થે મોરબી સાઈડ કંપનીમાં મજુરી કામે અવર-જવર કરતા હતા.અને જેઓને સંતાનમાં એક સાત વર્ષનો પુત્ર છે. અને મહિલાના પેટમાં હાલ પાંચ માસનો ગર્ભ પણ ઉછરી રહ્યો છે. જ્યાં સિધ્ધપુર, ધાસી અલ્હાબાદ, ઉત્તરપ્રદેશનો સુરેન્દ્રકુમાર આત્મજ પારસ યાદવ નામનો યુવક પણ મોરબી ખાતે કંપનીમાં કામ કરતો હતો. જ્યાં આ ઉત્તરપ્રદેશના યુવકે ફતેપુરા તાલુકાના યુગલ સાથે પરિચય કેળવ્યો હતો. અને સમય જતાં સુરેન્દ્રકુમાર યાદવ નામના ઈસમે પરણિતાને પ્રેમના પાઠ ભણાવી વિશ્વાસ સંપાદન કર્યો હતો. ત્યારબાદ પરિણીતા પોતાના વતનમાં આવી હતી. વતનમાં આવ્યા બાદ પ્રેમાન્ધ બનેલી પરણિતા અને તેનો કહેવાતો પ્રેમી એકબીજા સાથે મોબાઈલ કોન્ટેક્ટમાં રહી પ્રેમાલાપ કરતા રહ્યા. આખરે ગત તારીખ ૩૦/૪/૨૦૨૨ ના રોજ પરણિતા સુખસર ખાતે કપડા સીવડાવવા જવાનું હોવાનું જણાવી પિયર માંથી નીકળી સાત વર્ષના પુત્રને લઈ સુખસર આવી હતી. જ્યારે કહેવાતો પ્રેમી પણ સુખસર આવી પહોંચ્યો હતો. ત્યારબાદ પરિણીતા મોડે સુધી પતિના ઘરે કે પિયરમાં પરત નહીં પહોંચતા તેની તપાસ હાથ ધરવામાં આવી હતી. પરંતુ પરણિતા કે તેના સાત વર્ષના પુત્રની કોઈ ભાળ મળી ન હતી. જ્યારે ચારેક દિવસ જતા ઉત્તરપ્રદેશની જે મોરબી કંપનીમા કામ કરતી હતી અને ફતેપુરા તાલુકાના યુગલ સાથે પરિચિત હતી તેવી યુવતીએ પરિણીતાના પતિને મોબાઈલ દ્વારા જણાવેલ કે, તમારી પત્ની તથા પુત્ર હાલ ઉત્તર પ્રદેશમાં સુરેન્દ્ર યાદવના ઘરે છે ની જાણ કરતા તારીખ ૦૫/૦૫/૨૦૨૨ ના રોજ પરિણીતાના પતિએ સુખસર પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરી હોવાનું જાણવા મળે છે.

આમ ફતેપુરા તાલુકાની ગર્ભવતી પરણિતાને પ્રેમના પાઠ ભણાવી સાત વર્ષના પુત્ર સાથે ઉત્તરપ્રદેશનો યુવક અપહરણ કરી જતા હાલ પરિણીતાનો પતિ પોતાના માસુમ પુત્ર અને ગર્ભસ્થ શિશુની ચિંતા સાથે ન્યાય માટે રાહ જોઈ રહ્યો છે.

# સુરતમાં સ્પાની આડમાં ચાલતા ગેરકાયદેસર કુટણખાનું ઝડપ્યુ-ઉમરા પોલીસે ૪૧ લોકોને ઝડપી પાડ્યા

સુરત,

રાજયમાં ગેરકાયદેસર બેફામ ધમધમતા એકમોનું રાફડો ફાટી નીકળ્યો છે. નશાના કાળાકારોબારના સાથો સાથે જુદા-જુદા જિલ્લાઓમાં ધમધમતા ગેરકાયદેસર સ્પાએ ફરી માથું ઉચક્યુ છે. ગુજરાતના જુદા-જુદા જિલ્લાઓમાં સ્પાની આડમાં ચાલતું કુંટણખાનને લઈ પોલીસ સજાક બની છે. અને આ ગોરખધંધા કરતા એકમો સામે તવાઈ બોલાવી છે. સુરત પોલીસ ફરી એકવાર ગેરકાયદેસર શહેરમાં સ્પાની આડમાં ચાલતા કુટણખાના સામે લાલઆંખ કરી છે.

સુરતના ઉમરા પોલીસ ખાનગીરાહે બતામી મળી હતી કે શહેરના જુદા-જુદા વિસ્તારમાં આવેલા સ્પામાં ગેરકાયદેસર કુટણખાનું ચાલી રહ્યો છે અને યુવતીઓનો દહેવ્યાપર થઈ રહ્યો છે. તેના લઈ ચોક્કસ બાતમીના અધારે ઉમરા પોલીસે ૩ જુદા-જુદા સ્થળો પર આવેલા સ્પામાં દરોડા પાડ્યા હતા જે દરમિયાન દોરડામાં મહિલા ,પુરુષ સહિત કુલ ૪૧ લોકોની ધરપકડ કરાઈ હતી જેમાં ૨૨ પુરુષો અને ૧૯ મહિલાએ મળી હતી જેમાં પાર્લે પોઈન્ટ વેસુ વિસ્તાર અને, પીપલોજમાં વિસ્તારમાંથી સ્પાની આડમાં ચાલતા ગોરખધંધા પકડી પાડી ૫૦ હજારથી વધુનો મુદ્દામાલ કબજો કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

# સંજેલી નગરની ચર્ચ સહીતની જમીનનું સર્કલ ઓફિસર અને તલાટી દ્વારા સ્થળનું પંચનામું કરાયું

- **સંજેલી ચર્ચ અને જમીનની સ્થળ ઉપર જઈને તપાસ કરવામાં આવી.**
- **મુખ્યમંત્રી અને મહેસુલમંત્રીને લેખિત રજૂઆતને લઈને કાર્યવાહીનો ધમધમાટ શરૂ કરાયો.**



દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી નગરની ચર્ચ સહીત જમીન પચાવી પાડીને પવિત્ર સ્થાન પર લગાવેલ ક્રોષ તોડીને ચર્ચને ફકીરા ફાર્મ હાઉસમાં તબદીલ કરીને ચર્ચમાં ગોરખધંધા તથા ગેરકાયદેસર પ્રવુતિ આચરવામાં આવતા ક્રિશ્ચયન સમાજના અનુયાયીઓની ભારે લાગણી દુભાય હતી. સાથે આ બનાવને લઈને ગુજરાત,રાજસ્થાન અને મદયપ્રદેશના ક્રિશ્ચયન સંગઠનોમાં પણ આ ઘટનાના પ્રત્યાઘાત પડ્યા હતા.છેલ્લા ચાર વર્ષથી ચર્ચની જમીનને લઇને ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ક્રિશ્ચયન ફ્રોન્ટ નામના સંગઠન દ્વારા કાયદાકીય લડત ચલાવવામાં આવી રહી છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી અને મહેસૂલ મંત્રીને સંગઠનના આગેવાનો દ્વારા લેખિત મૌખિક ચર્ચ મામલે રજૂઆતના કરાઈ હતી. જેના પગલે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર એક્શનમાં આવ્યું હતું. અને જમીન જુની શરત બીનખેતી કે તબદીલ નહી કરવા સહિતની અન્ય રજુઆતને ધ્યાને લઇને સંજેલી સર્કલ ઓફિસર અને તલાટી સહિતની અધિકારીઓની ટીમ દ્વારા ઓલ ઇન્ડિયા યુનાઇટેડ ક્રિશ્ચયન ફ્રોન્ટ આગેવાનોને સાથે રાખીને ચર્ચ અને જમીનની સ્થળ ઉપર જઈને તપાસ હાથ ધરીને લેખિતમાં પંચનામું કરવામાં આવ્યું હતું.હાલમાં અરજદાર ઈકબાલ ફકીરા દ્વારા પુનઃ ચર્ચ સહીતની જમીન તબદીલ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવતા ભારે રોષ જોવા મળ્યો હતો.જેથી ઓલ ઇન્ડિયા યુનાઇટેડ ક્રિશ્ચયન ફ્રોન્ટના આગેવાનો દ્વારા આ અરજીને નામંજૂર કરવા તથા જમીન પરત કરવા સાથે ચર્ચ સહિતની જમીનનું પવિત્ર સ્થાન બચાવવા માટે ગાંધીનગર ખાતે રજુઆત કરવા માટે દોડી ગયા હતા. જેના આધારે જિલ્લા કલેકટર દ્વારા આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. સંજેલીના ખાતા નં ૪૫૩ માં સમાવિષ્ટ રે.સ.નં. ૧૮૧ (જનો સર્વે નં. ૧૨૨) હે.આરે.પ્ર.ચો.મી. ૦-૭૪-૮૭, આકાર રૂ.૦.૦૦ વાળી જમીન ૨૦ થી ૨૫ કરોડ રુપિયાનો ભાવ બોલતો હોવાથી અરજદાર ઈકબાલ ફકીરા દ્વારા ચર્ચની પવિત્ર જમીને પચાવી પાડીને વેચાણ કરવાના ઈરાદે જમીન જુની શરત બીનખેતી કે તબદીલ કરવાની કોશીશ કરવામાં આવતા સંગઠન દ્વારા આ બાબતે છેક મુખ્યમંત્રીથી લઈને ઉચ્ચ અધિકારીઓ લેખિતમાં રજુઆત કરવામાં આવી હતી. જિલ્લા કલેકટરના આદેશથી ઝાલોદ પ્રાંત અધિકારી અને મામલતદાર સંજેલીને સ્થળની તપાસ કરીને આ મામલે સમગ્ર લેખિત રિપોર્ટ જિલ્લા અને ગાંધીનગર ખાતે સુપ્રત કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.ચર્ચની જમીમ મામલે હાલમાં ત્રણ રાજયોના ક્રિશ્ચયન સમુદાયના લોકોની ધાર્મિક લાગણી દુબાતા નજીકના ભવિષ્યમાં ચર્ચને બચાવવા માટે મોટું આંદોલન કરવાના મૂડ જોવા મળ્યા હતા.

# ધાનપુરના સંજય પટેલે સ્ટેન્ડિંગ બ્રોડ જંપ અને ૫૦ મીટર દોડ માં રાજયમાં પ્રથમ નંબરે આવી ગોલ્ડ મેળવ્યા



દાહોદ,

ખેલ મહાકુંભ-૨૦૨૨ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં દાહોદના માત્ર ૧૧ વર્ષના ખેલાડીએ ઝળહળતી સફળતા મેળવી છે. એ પણ એક નહીં બે-બે ગોલ્ડ મેળવી અપાવીને. નડીયાદના રમત ગમત સંકુલ ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં દાહોદનાં સંજય ભુરાભાઇ પટેલે બે મેડલો પ્રાપ્ત કરીને જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. સંજયએ સ્ટેન્ડિંગ બ્રોડ જંપ અને ૫૦ મીટર દોડ માં સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબર મેળવ્યો છે. આ દરેક રમતમાં સંજયે જિલ્લા તેમજ મહાનગરોમાંથી આવેલા ૮૪ જેટલા સ્પર્ધકોનો સામનો કરી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં અદભૂત સફળતા મેળવી હતી.

ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્ય કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે યોજાઇ હતી. જેમાં અંડર ૧૧ સ્પર્ધામાં દાહોદનાં સંજય પટેલે ભાગ લીધો હતો અને સ્ટેન્ડિંગ બ્રોડ જંપમાં ૨.૪૯ મીટરનો કુદકો લગાવીને અન્ય સ્પર્ધકોને કયાંય પાછળ રાખી દીધા હતા. જયારે ૫૦ મીટરની દોડ ફક્ત ૭.૪૪ સેકન્ડમાં પૂરી કરી છે.

પાંચમા ધોરણમાં ભણતો સંજય પટેલ માળ ફળિયા વર્ગ બોઘડવા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરે છે. અહીંના આચાર્ય ભારતસિંહ રાઠવા બાળપણથી જ તેના કોચ તરીકેની જવાબદારી નિભાવી હતી. સંજયનું ઘર શાળા પાસે જ હતું અને તેને ૪ વર્ષની ઉંમરથી રમત ગમતમાં રસ લેતો જોઈને આચાર્ય રાઠવાએ આ ઉંમરથી જ તેને તાલીમ આપવાનું શરૂ કર્યું હતું. રાઠવા વેકેસન તેમજ રજાના દિવસે પણ સંજયને પ્રેકટીશ કરાવતા હતા. જેને પરિણામે આજે રાજયકક્ષાએ સંજયે જિલ્લાનું નામ રોશન કર્યુ છે.

ખેલમહાકુંભ અંતર્ગત દાહોદ જિલ્લામાં મોટા સંખ્યામાં ખેલાડીઓને રમત ગમત માટે શાળા કક્ષાએ થી જ પ્રોત્સાહન અપાઇ રહ્યું છે અને ખેલાડીઓને તૈયાર કરવામાં આવી રહ્યાં છે. ત્યારે સંજય પટેલની આ સફળતા અન્ય ખેલાડીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે.



**દાહોદ જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ દાહોદના મોટી ખરજ ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આકસ્મિક મુલાકાત લઇ દર્દીઓને મળી રહેલી સુવિધાઓ, કામગીરીનું રૂબરૂ નિરીક્ષણ કર્યું હતું અને ઉપસ્થિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમણે અહીંનો આરોગ્યસ્ટાફ, દર્દીઓને અપાતી વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓ વગેરેનું જાતનિરીક્ષણ કર્યું હતું. મુલાકાત સમયે નાયબ જિલ્લા વિકાસ અધિકારી ડો. કમલેસ ગોસાઇ, તાલુકા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.**

# ધી સહયોગ કો.ઓ ક્રેડિટ સોસાયટી લિમિટેડ દાહોદ ૩૪મી વાર્ષિક સાધારણ સભા યોજાઇ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ધી સહયોગ કો ઓ ક્રેડિટ સોસાયટી દાહોદની ૩૪ મિ વાર્ષિક સાધારણ સભા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ના સભા હોલ માં સોસાયટીના ચેરમેન ગોપાલભાઈ ધાનકા ના અધ્યક્ષ સ્થાને એજન્ડાના કામ કરવા યોજાઈ હતી. જેમાં અધ્યક્ષ સ્થાનેથી ગોપાલભાઈ ધાનકાએ સોસાયટીના ૩૫૭ સભાસદોને રોજગારમાં મદદ રૂપ થવા ૯.૫ ટકા ના દરે સહયોગ સમૃદ્ધિ ધિરાણ તથા સોસાયટીના સભ્યોને લોનના વ્યાજ માં રાહત મળે તે હેતુથી જાત જામીન તથા મિલકત લોનમાં એક ટકાથી દોઢ ટકા સુધી ઘટાડો કરેલ છે તથા સોસાયટીની ગોદી રોડ બ્રાન્ચ માં હાલ વીજળી બીલના નાણાં સ્વીકારવામાં આવે છે તથા ટૂંક સમયમાં ગુજરાત ગેસ ના બિલના નાણાં સ્વીકારવામાં આવશે તેવું જણાવ્યું હતું. આ પ્રસંગે ૩૧/૩/૨૦૨૨ સુધીના હિસાબી વર્ષના કામકાજ નો અહેવાલ સોસાયટીનું સરવૈયું તથા નફા તોટા ના હિસાબો મંજૂર કરવાની દરખાસ્ત ડિરેક્ટર વિકાસભાઈ ભૂતાએ રજૂ કરી હતી તેને ટેકો ડિરેક્ટર મદનલાલ ખંડેલવાલ આપ્યો હતો નફાની વહેંચણી ની દરખાસ્ત ડિરેક્ટર સાબિર શેખ એ રજૂ કરી હતી તેને ટેકો ડિરેક્ટર પરાગભાઈ પટેલ આપી હતી આમ એજન્ડાના અન્ય કામો મેનેજર દિવ્યાંગ ભાઈ ભટ્ટ મૂકી હતી સાધારણ સભામાં મોટી સંખ્યામાં સભાસદ મિત્રો હાજર રહ્યા હતા સાધારણસભાનું સંચાલન મેનેજર દિવ્યાંગભાઈ ભટ્ટ એ કરી હતી આભાર વિધિ ડિરેક્ટર સાબિર શેખ એ કરી હતી આ પ્રસંગે સોસાયટીના ડિરેક્ટરો એજન્ટ મિત્રો તથા સભાસદો હાજર રહ્યા હતા.

# રાજસ્થાનમાં શહેરી રોજગાર યોજના માટે મુખ્યમંત્રીએ નવી ગાઈડલાઈનને મંજૂરી આપી

જયપુર,

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે ઈન્દિરા ગાંધી શહેરી રોજગાર ગેરંટી યોજનાના અમલીકરણ માટે નવી માર્ગદર્શિકાને મંજૂરી આપી છે. સીએમ ગેહલોતે કહ્યું છે કે સ્થાનિક સંસ્થા વિસ્તારમાં રહેતા ૧૮ થી ૬૦ વર્ષની વય જૂથના સભ્યોની નોંધણી જન આધાર કાર્ડના આધારે કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, યોજના હેઠળ કામની મંજૂરી મેળવવા માટે, રાજ્ય/જિલ્લા/બોડી સ્તરે સમિતિઓ દ્વારા કામ મંજૂર કરવામાં આવશે અને તેનો અમલ કરવામાં આવશે. સીએમ ગેહલોતે જણાવ્યું હતું કે, સામાન્ય કામ મંજૂર કરવા અને ચલાવવા માટે સામગ્રી ખર્ચ અને મહેનતાણું ખર્ચનો ગુણોત્તર ૨૫:૭૫ હશે. જ્યારે વિશિષ્ટ પ્રકૃતિના કામો માટે, સામગ્રીની કિંમત અને મહેનતાણુંનો ગુણોત્તર ૭૫:૨૫ રહેશે. તેમના નિવેદનમાં, તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મનરેગા હેઠળ, મજૂરોના બેંક ખાતામાં ૧૫ દિવસમાં કામ ચૂકવવામાં આવશે. ગેહલોતે જણાવ્યું હતું કે, આ ઉપરાંત સ્કીમમાં ફરિયાદ નિવારણ અને સામાજિક ઓડિટની જોગવાઈની સાથે કામના સ્થળે કામદારોને સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવશે. સીએમએ જણાવ્યું હતું કે, આ યોજનાને ચલાવવા માટે, સ્થાનિક સંસ્થા વિભાગ અથવા સંસ્થા સ્તરે એક યોજના બનાવવામાં આવશે, જેમાં વિવિધ અધિકારીઓ/કર્મચારીઓ પ્રતિનિયુક્તિ/કોન્ટ્રેક્ટ પર નિયુક્ત કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર આપવા માટે શરૂ કરવામાં આવી હતી. તે જ તર્જ પર શહેરી વિસ્તારોમાં રોજગારી આપવાના ઉદ્દેશ્યથી આ યોજના શરૂ કરવામાં આવી છે. ગેહલોતે રાજ્યના બજેટ ૨૦૨૨-૨૩માં ઈન્દિરા ગાંધી શહેરી રોજગાર ગેરંટી યોજના હેઠળ શહેરી વિસ્તારોમાં રહેતા પરિવારોને દર વર્ષે ૧૦૦ દિવસની રોજગારી આપવાની જાહેરાત કરી હતી. રાજ્ય સરકાર આ મહત્વકાંક્ષી યોજના પાછળ દર વર્ષે રૂ. ૮૦૦ કરોડનો ખર્ચ કરશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.230

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના રસુલપુર ગામે

# સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવ ખોદવાના કામમાં ભ્રષ્ટાચાર થયા હોવાના લાગ્યા આક્ષેપો

## સુજલામ સુફલામની આડમાં ખનીજ ચોરોને મોકળુ મેદાન... નિયમોને નેવે મુકી તળાવમાં ધુમ ખનીજ ચોરી !

## લ્યો બોલો... અધિકારીઓ તપાસ અર્થે ગયા ખરા પણ વીલા મોંઢે પરત ફર્યા હોવાની લોકચર્ચાઓ.





હાલોલ,

ગુજરાત સરકાર દ્વારા ગામે ગામ પાણીનો સંગ્રહ કરવા માટે સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવ ખોદવાની કામગીરી દર વર્ષે કરવામાં આવે છે જેમાં હાલોલ તાલુકાના રસુલપુર ગામે આવેલ તળાવમાં સ્થાનિક નેતાઓ દ્વારા અધિકારીઓને દબાવી પોતાની મનમાની કરી સુજલામ સુફલામ યોજનાના નિયમોને નેવે મુકી પોતાના અંગત ફાયદા માટે કટકી કરી અને સરકારી તિજોરીને લાખોનો ચુનો ચોપાડી તળાવને વધાર પડતુ ઉંડુ કરી ભારે ગેરરિતી આચરી હોવાના આક્ષેપો સાથેની ફરિયાદો ઉઠવા પામી છે. તેમજ આ તળાવને વધાર પડતુ ઉંડુ કરી તેમાંથી નીકળેલ માટી ક્યાં નાંખવામાં આવી કે પછી વેચવામાં આવી તેની તપાસ ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ગુજરાતમાં પાણીની અછત લઈને ગુજરાત સરકાર દ્વારા મહત્વકાંક્ષી એવી યોજના સુજલામ સુફલામ અમલમાં લાવવામાં આવી છે. અને આ યોજના અંતર્ગત રાજયના ગામે ગામમાં આવેલ તળાવ ખોદવાની યોજના બનાવી છે. જેમાં ગામડે ગામડે પાણી સંગ્રહ કરવા માટે ગામના તળાવમાંથી માટીનુ નિયમ મુજબ ખોદકામ કરી તળાવમાં પાણી સંગ્રહ થાય તેવુ નિયોજન કરવામાં આવે છે. તેના ભાગરૂપે પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના રસુલપુર જેવા અનેક વિસ્તારોમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવો ખોદવામાં આવ્યા છે. પરંતુ હાલોલ તાલુકાના રસુલપુર ગામે આવેલ તળાવને સુજલામ સુફલામ યોજનાના નિયમોને નેવે મુકી વધાર પડતુ ઉંડુ કરી મોટાપાયે ગેરરિતી આચરી હોવાની લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે. તેમજ આ સુજલામ સુફલામ યોજના ફકત કોન્ટ્રાકટર ઉધોગપતિ, બિલ્ડર, અને વગ ધરાવતા રાજકિય નેતાઓના ફાયદા માટે આ યોજના બનાવવામાં આવી રહ્યુ હોય તેવા આક્ષેપો સાથે રસુલપુરના તળાવનુ ખોદકામ કરવામાં આવેલ છે તેની તપાસ ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરવામાં આવે તેવી માંગ ગ્રામજનો કરી રહ્યા છે.

સુજલામ સુફલામ યોજના અંતર્ગત ખોદવામાં આવેલ તળાવની સંપુર્ણ માટી નિયમો અનુસાર ગામના વિકાસ તથા ખેડુતોના કામોમાં લાવવાની હોય છે. પરંતુ હાલોલ તાલુકાના રસુલપુર ગામના તળાવનો ખોદકામ કરવામાં આવ્યો છે તેની સંપુર્ણ માટી ફકત અને ફકત કોન્ટ્રાકટરો અને રાજકિય વગ ધરાવતા હાલોલના નેતાઓ તેમજ બિલ્ડરોને અંદર ખાને આપ્યુ હોય તેવી લોકચર્ચા ચાલી રહી છે. ત્યારે આ સુજલામ સુફલામ યોજના સંપુર્ણ રીતે શોભાના ગાંઠિયા સમાન જોવા મળી રહી છે અને ફકત અને ફકત રાજકિય નેતાઓ માટે આ સુજલામ સુફલામ યોજના કમાઉ દિકરા સમાન બનાવી હોવાની લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે.

સુજલામ સુફલામ યોજના અંતર્ગત હાલોલ તાલુકાના રસુલપુર ગામના તળાવને ઉંડુ કરવાની કામગીરી કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ હાલોલ તાલુકાના ગામડે ગામડે તળાવને ઉંડા કરવાની કામગીરી હાલોલના રાજકિય નેતાઓ કરતા હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. તેમજ આ યોજનાઓમાં ભ્રષ્ટાચાર આચરવા માટે વગ ધરાવતા રાજકિય નેતાઓ અધિકારીઓને દબાવી પોતાની મનમાની કરી સરકારી યોજનામાં કટકી કરવા બે લગામ થયા હોવાની ફરિયાદો હાલોલ તાલુકાના ગ્રામજનો દ્વારા મળી રહી છે.હાલોલ તાલુકાના રસુલપુર તળાવને સુજલામ સુફલામ યોજના અંતર્ગત ઉંડુ તો કરાયુ છે પરંતુ સુજલામ સુફલામ યોજનાના નિયમોને નેવે મુકી સીમા કરતા વધાર પડતુ ઉંડુ કરી લાખોની ખનીજ ચોરી કરી હોવાના આક્ષેપો લાગી રહ્યા છે. સુજલામ સુફલામના નિયમો કરતા તળાવને ઉંડુ કર્યા હોવાની માહિતી મળતા જ હાલોલ પ્રાંત અધિકારી અને મામલતદાર સહિતની ટીમ ચકાસણી કરવા અર્થે હાલોલ તાલુકાના રસુલપુર ગામે પહોંચી તો ખરી પરંતુ રાજકિય દબાણવશ કે પછી નેતાઓના દબંગગીરીના કારણે તપાસ અર્થે ગયેલ અધિકારીઓ તપાસ કર્યા વગર પરત ફર્યા હોવાની લોકચર્ચા ચાલી રહી છે. ત્યારે બીજી તરફ સુજલામ સુફલામ યોજનાની આડમાં ખનીજચોરોને મોકળુ મેદાન મળી ગયુ હોય અને આ મહત્વકાંક્ષી એવી સુજલામ સુફલામ યોજના એટલે રાજકિય નેતાઓ અને બિલ્ડરોને કમાઉ દિકરા સમાન ફરી હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

હાલોલ તાલુકાના રસુલપુર ગામના તળાવને નિયમો કરતા વધારે ઉંડુ કરવામાં આવ્યુ છે તો આ તળાવની માટી ક્યાં નાંખવામાં આવી કે પછી આ તળાવની માટી વેચવામાં આવી તેવા અનેક સવાલો હાલોલના પ્રાંત અધિકારી સામે ઉઠવા પામ્યા છે.તેમજ સુજલામ સુફલામના નિયમો મુજબ આ તળાવને વધાર પડતુ ઉંડુ કરી કોને ફાયદો પહોંચાડવામાં આવ્યો છે તેની તપાસ કરવા માંગ ઉઠવા પામી છે.સુજલામ સુફલામ યોજના અંતર્ગત સમગ્ર પંચમહાલ જિલ્લાના ગામડે ગામડેના તળાવો ઉંડા કર્યા છે તે તમામ તળાવોની નિષ્પક્ષ તપાસ ઉચ્ચ અધિકારી દ્વારા કરવામાં આવે ભલા ભલાના પગ તળે રેલો આવે તેમાં નવાઈ નહિ.

## ગોધરા ખાતે અમિત શાહના કાર્યક્રમમાં શહેરા તાલુકા માંથી એક લાખની આસપાસ ભાજપ કાર્યકર્તાઓ સહિત અન્ય લોકો ઉપસ્થિત રહેશે





શહેરા,

પંચમહાલ ના ગોધરા ખાતે આવનારી ૨૯ તારીખ ના રોજ પંચામૃત ડેરી ના ઓક્સિજન પ્લાન્ટ, તાડવા કોલ્ડ સ્ટોરેજ ના ઉદ્દઘાટન અને પંચમહાલ ડિસ્ટ્રીક બેંકના લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવનાર છે. જેને લઈને શહેરા તાલુકા ભાજપ દ્વારા આ કાર્યક્રમના આયોજનને લઈને વિધાનસભા ગૃહ ના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડની અધ્યક્ષતામાં ભાજપના કાર્યકર્તાઓ સાથે પાલિકાના ટાઉન હોલ ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં તાલુકામાંથી આશરે એક લાખ લોકો ઉપસ્થિત રહે તે માટે તાલુકા ભાજપ દ્વારા આયોજન કરવા સહિત અનેક ચર્ચાઓ કરવામાં આવી હતી.

ગોધરા ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવનાર હોવાથી ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જ્યારે શહેરા તાલુકા ભાજપ દ્વારા નગરપાલિકાના ટાઉનહોલ ખાતે વિધાનસભા ગૃહ ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ ની વિશેષ ઉપસ્થિતિમાં જીલ્લા ભાજપ ઉપ પ્રમુખ જીગ્નેશભાઈ પાઠક, ભાજપ અગ્રણી ભૂપતસિંહ પટેલ,અમિત પરમાર, તાલુકા ભાજપ પ્રભારી પરેશ ચોહાણ,જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન ડો.કિરણસિંહ બારિયા, તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા, નગર ભાજપ પ્રમુખ અંબાલાલભાઈ વાણંદ, મહામંત્રી સંજય ભાઈ બારીયા, નટવર સિંહ રાઠોડ સહિત વિધાન સભા મત વિસ્તારના ભાજપના વિવિધ સંગઠનના હોદ્દેદારો, સરપંચો, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સદસ્યો સાથે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં તાલુકામાંથી આ કાર્યક્રમમાં ભાજપ કાર્યકર્તાઓ સહિત ૫૦,૦૦૦ લોકો સાફા પહેરીને ઉપસ્થિત રહેશે તેમજ ૩૦ હજારની આસપાસ મહિલાઓ પણ એક જ કલર ની સાડી પહેરી ને આ કાર્યક્રમમાં આવે તે માટેનું આયોજન કરવામાં આવનાર છે.

ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કાર્યક્રમમાં તાલુકા માંથી આશરે એક લાખની આસપાસ લોકો ઉપસ્થિત રહે તેવી શક્યતાઓ રહેલી છે. જયારે વિધાનસભા મતવિસ્તારમાંથી લોકોને આ કાર્યક્રમમાં લાવવા લઈ જવા માટે વાહનોની વ્યવસ્થા કરવામાં આવનાર હોવા સાથે ભાજપ દ્વારા વાહનોનું ભાડુ પણ આપનાર હોવાનું જાણવા મળેલ હતુ. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ ના માર્ગદર્શન હેઠળ ભાજપ કાર્યકર્તાઓ કાર્યક્રમને સફળ બનાવવા માટે તૈયારીઓ મા લાગી ગયા છે.

## હાલોલ માર્ગ અને મકાન વિભાગ સ્ટેટનો ડેપ્યુટી ઈજનેરનો જેની પાસે ચાર્જ છે તે સૂપરવાઈઝર ચૌધરી આ અંગે સ્પષ્ટીકરણ કરે તેવી માંગ

હાલોલ,

હાલોલ ના જ્યોતિ સર્કલ પાસે આવેલ માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ હસ્તકનું વિશ્રામગૃહ આજ કાલ દારૂ ના શોખીનો માટેનું મનપસંદ સ્થળ બની ગયું હોય તેવું વિશ્રામગૃહ ની પાછળ પડેલી વિદેશી દારૂ ની વિવિધ બ્રાન્ડ નો મોંઘો દારૂ પીધા પછી ફેંકી દેવાયેલી ખાલી બાટલો જે માત્રા માં પડેલી જોવા મળી રહી છે તે જોતા એવું ચોક્કસ લાગી રહ્યું છે. અત્રે સરકારી વિશ્રામગૃહ નો ઉપયોગ કોણ અને કઈ પ્રવૃત્તિઓ માટે કરી રહ્યું છે તે તપાસ માંગી લેતો વિષય બન્યો છે.

રાજ્ય ના માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ હસ્તક ના સરકારી વિશ્રામગૃહો પૈકી હાલોલ ખાતે આવેલું વૈભવી વિશ્રામગૃહ આજ કાલ વિદેશી દારૂને લઈ ભારે ચર્ચાસ્પદ બન્યું છે. અત્રે વિશ્રામગૃહ ના કમ્પાઉન્ડ માંજ ટ્રેક્ટર ભરાય એટલી વિદેશી દારૂની ખાલી બાટલો અને બિયર ના ખાલી ટીન જોવા મળી રહ્યા છે, જે માત્રા માં આ વિદેશી દારૂ ની વિવિધ બ્રાન્ડ ની ખાલી બાટલો જોવા મળે છે એ જોતાં આ વિશ્રામગૃહ નો ઉપયોગ શરાબ–શાબબ અને કબાબ ની પાર્ટીઓ માટે જ કરવામાં આવતો હોય તેવુ લાગી રહ્યું છે. માર્ગ અને મકાન વિભાગ ના ડેપ્યુટી ઈજનેર ની જગ્યા એક વર્ષ થી ખાલી છે. વર્ષો થી એક જ જગ્યા ઉપર ચીટકી રહેલા સુપરવાઈઝર ને ડેપ્યુટી ઈજનેર નો ચાર્જ સોંપી દેવામાં આવ્યો છે. જાહેર માર્ગો ના સરકારી કામો માં ભારે ભ્રષ્ટાચાર સામે અધિકારીઓ પોતાના તરભોણાં ભરી રહ્યા છે ત્યારે સરકારી વિશ્રામગૃહો ને આ અધિકારીઓ અને કર્મચારીઓ એ શરાબ કબાબ નો અડ્ડો બનાવી દીધો હોય તેવું જોવા મળી રહ્યું છે. હાલોલ સ્થિત સરકારી વિશ્રામગૃહ નો ઉપયોગ કોણ કોણ કરી રહ્યું છે..? અને આ ઉપયોગ કેવા સંજોગો માં કરી શકાય તેને લઈ ને હાલોલ ના ઈન્ચાર્જ ડેપ્યુટી ઈજનેર અને માર્ગ મકાન વિભાગ ના એક્ઝિક્યુટિવ ઈજનેર વચ્ચે મતમતાંતર જોવા મળી રહ્યા છે. સરકારી વિશ્રામગૃહ ને અત્રે ના અધિકારીઓ પોતાની માલિકીનું આશ્રયસ્થાન સમજી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. હાલોલ વિશ્રામગૃહ ની પાછળ જોવા મળેલી વિદેશી દારૂ ની ખાલી બાટલો નો દારૂ કોને પીધો..? અને શું આ વિશ્રામગૃહો દારૂ ની મહેફિલો કરવા માટે બનાવવામાં આવ્યા છે..? એ સવાલ સૌના મનમાં ઉભો થઈ રહ્યો છે. સરકારી વિશ્રામગૃહ માં ચોથી જાગીર ની બેઠક યોજવા માટે મંજૂરી ન આપનાર અત્રે ના અધિકારીઓ શુ આ વિદેશી દારૂ ની મહેફિલો અહીં કોણ મનાવી રહ્યું છે એનો જવાબ આપશે..? સરકારી વિશ્રામગૃહ નો ઉપયોગ અસામાજિક તત્વો દ્વારા થઈ રહ્યો છે કે પછી સફેદ પોષ ધારીઓ ની

## ગોધરા ગાંધી પેટ્રોલપંપ વિસ્તારમાં કારમાંથી ગઠિયો ચોરી કરી ફરાર

ગોધરા,

ગોધરા શહેરના ગાંધી પેટ્રોલપંપ વિસ્તારમાંથી એક લક્ઝુરિયસ કારમાંથી કોઈ અજાણ્યા ગઠિયાએ હાથ ફેરો કરતા કારમાંથી લેપટોપ, રોકડા રૂપિયા, ઘડિયાળ મળી કુલ રૂ.૧,૮૫,૦૦૦ ની ઉઠાંતરી કરી નાસી ગયો હતો. જે મામલે ગોધરા શહેર એ ડિવિજન પોલીસે ગુન્હો નોંધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વડોદરાનાં સમા વિસ્તારમાં રહેતા વેપારી ગૌરવભાઈ જગદીશભાઈ લાલવાણીએ ગોધરા શહેર એ ડિવિજન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તેઓ તા.૨૧.૫. નાં રોજ કોઈ કામ અર્થે ગોધરા આવ્યા હતા અને જેઓની ફોર્ચ્યુનર કાર લઈ શહેરના ગાંધી પેટ્રોલપંપ પાસે આવેલી પંકચર બનાવવાની ગેરેજ પાસે ઊભા હતા. તે સમયગાળા દરમિયાન તેઓની કારમાં ખાલી સાઈડની સીટમાં લેપટોપ (રૂ.૨૫,૦૦૦) તેમજ રોકડા રૂ.૧,૫૦,૦૦૦ અને ઘડિયાળ તેમજ અન્ય જરૂરી ડોક્યુમેન્ટ મૂકી રાખ્યા હતા. જેની કોઈ અજાણ્યા ગઠિયાએ ઉઠાંતરી કરી નાસી જઈ ગુન્હો કર્યો હતો. ત્યારે બનાવ અંગેની જાણ તેમજ પોલીસ ફરિયાદ વેપારીએ ગોધરા શહેર પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા LCB દ્વારા હાલોલ વડોદરા રોડ પરથી ૧૫ લાખનો દારૂ ઝડપ્યો



ગોધરા,

પંચમહાલ ગોધરા એલ.સી.બી પોલીસે હાલોલ તાલુકાના આનંદપુરા ગામે આવેલ રોયલ કુશન કંપનીની સામે હાલોલ વડોદરા હાઈ–વે રોડની બાજુમા આવેલ કાચના સ્ક્રેપના ગોડાઉનના કંમ્પાઉન્ડમા રેઈડ કરતા ટાટા કંન્ટેનર નંબર યુ.પી. ૨૧ સી.ટી. ૨૫૨૧ માંથી વિદેશી દારૂના કવાટરીયા તથા બોટલોની પેટીઓ નંગ–૮૩૭ કુલ બોટલો નંગ૩૦,૩૧૨ જે તમામની કુલ કી.રૂ.૧૫,૦૮,૫૨૦/– નો પ્રોહી મુદ્દામાલ તેમજ ટાટા કંન્ટેનર ગાડી કિંમત રૂ.૧૦,૦૦,૦૦૦/– તેમજ મોબાઈલ ફોન નંગ–૩ કિંમત રૂમ.૧૫,૦૦૦/– એમ મળી કુલ કી.રૂ.૨૫,૨૩,૫૨૦/–ના પ્રોહી મુદ્દામાલ સાથે વિદેશી દારૂના આંતરરાજ્ય ખેપીયાઓને ઝડપી પાડયા.

પંચમહાલ ગોધરા રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ. ભરાડા નાઓએ પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી નાઓને અત્રેના જિલ્લામાં દારૂની અસામાજીક પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સારૂ જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ તે સુચના અને માર્ગદર્શન મુજબ જે.એન.પરમાર પોલીસ ઈન્સ્પેક્ટર એલ.સી.બી. ગોધરા નાઓને ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે, હાલોલ તાલુકાના કોટામૈડા ગામે રહેતો મહોબતસિંહ જશવંતસિંહ ચૌહાણ તથા ઘોઘંબા તાલુકાના દુધાપુરા ગામે રહેતો અતુલભાઈ દીલીપભાઈ પરમાર નાઓ ભેગામળી એક બંધ બોડીના ટાટા કંન્ટેનરની અંદર મોટા પ્રમાણમા ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી લાવી મંગાવી આનંદપુરા ગામે આવેલ રોયલ કુશન કંપનીની સામે હાલોલ વડોદરા હાઈવે રોડની બાજુમા આવેલ કાચના સ્કેપના ગોડાઉનના કંમ્પાઉન્ડમા કંન્ટેનર ઉભુ રાખી વિદેશી દારૂનો જથ્થો ઉતારી સગેવગે કરવાની પેરવી ચાલુ છે તેવી મળેલ બાતમી આધારે આઇ.એ.સિસોદીયા પો.સ.ઈ. એલ.સી.બી. ગોધરા તથા એલ.સી.બી. સ્ટાફના માણસો સાથે હાલોલ આનંદપુરા ગામે જઈ બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા જથ્થા બંધ મુજબનો મુદ્દામાલ મળી આવેલ છે. કબજે કરેલ મુદ્દામાલ બોમ્બે રોયલ વ્હીસ્કી લેબલવાળી પ્લાસ્ટીકના કવાટરીયા નંગ–૨૨,૩૨૦ કી.રૂ.૫,૮૦,૩૨૦/, બોમ્બે રોયલ વ્હીસ્કી લેબલવાળી પ્લાસ્ટીકની બોટલો નંગ–૨,૨૨૦ કી.રૂ.૨,૪૪,૨૦૦/, એડ્રીયેલ ગ્રીન એપ્પલ વોડકા લેબલવાળી પ્લાસ્ટીકના કવાટરીયા નંગ–૨૩૦૪ કી.રૂ.૨,૩૦,૪૦૦/–, એડ્રીયેલ ગ્રીન એપ્પલ વોડકા લેબલવાળી પ્લાસ્ટીકની બોટલો નંગ–૨૮૮ કી.રૂ.૫૭,૬૦૦/–, એડ્રીયેલ કલાસીક વ્હીસ્કીના લેબલવાળી પ્લાસ્ટીકના કવાટરીયા નંગ–૨૪૦૦ કી.રૂ. ૨,૪૦,૦૦૦/–, એડ્રીયેલ કલાસીક વ્હીસ્કીના લેબલવાળી પ્લાસ્ટીકની બોટલો નંગ–૭૮૦ કી.રૂ.૧,૫૬,૦૦૦/–, મોબાઈલ ફોન નંગ–૩ કી.રૂ.૧૫,૦૦૦/–, ટાટા કંન્ટેનર નંબર યુ.પી. ૨૧ સીટી ૨૫૨૧ કી.રૂ.૧૦,૦૦,૦૦૦/, ટાટા કંન્ટેનર નંબર યુ.પી. ૨૧ સીટી ૨૫૨૧ના દસ્તાવેજી કાગળો કી.રૂ.૦૦/પકડાયેલ આરોપીનું નામ (૧) ભગવાનદાસ શિશુપાલ ગડરીયા રહે. ગામ મચ્છખેડા તા.ચન્દોસી જી.સપલ (ઉત્તરપ્રદેશ), (૨) રાજબહાદુરપાલ રાજવીરસીંગ ગડરીયા રહે. ગામ મચ્છખેડા તા.ચન્દો (ઉત્તરપ્રદેશ), (૩) જગદીશકુમાર ઉર્ફે જગો કનકસિંહ ચૌહાણ રહે. કોટામૈડા મંદીર ફળીયું તા.હાલોલ, અને વોન્ટેડ આરોપીઓ (૧) મહોબતસિંહ જશવંતસિંહ ચૌહાણ રહે. કોટામૈડા તા.હાલોલ, (૨) અતુલભાઈ દીલીપભાઈ પરમાર રહે. દુધાપુરા તા.ઘોઘંબા, (૩) કંન્ટેનર નંબર યુ.પી. ૨૧ સીટી ૨૫૨૧ મા દારૂનો જથ્થો ભરાવવા સારૂ કંન્ટેનર મોકલનાર માલીક ગુલામ મહમદ હારૂન રહે.લાલવારા પોસ્ટ, ડીન્ગરપુર તા.બીલારી જી.મુરાદાબાદ ઉત્તરપ્રદેશ, (૪) ગોવા ખાતેથી ઈંગ્લીશ દારૂનો જથ્થો અજાણ્યા વ્યક્તિએ મોકલી આપી ભરી આપનાર મોબાઈલ નંબર ૭૮૮૭૩૭૪૫૦૯ ના મોબાઈલ ગ્રાહક ઉપરોકત આરોપીઓ વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી હાલોલ રૂરલ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એકટની જુદી જુદી કલમો હેઠળ ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.

## ગોધરા શહેરના બામરોલી રોડ ખાતે જરૂરિયાતમંદ બાળકોને સ્પર્શ ગ્રુપના યુવાનો દ્વારા ભોજન પીરસવામાં આવ્યું



ગોધરા,

ગોધરા શહેરમાં સ્પર્શ ગ્રુપના સભ્યો દ્વારા સમયાંતરે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. ત્યારે આવી જ એક પ્રવૃત્તિ તાજેતરમાં હાથ ધરવામાં આવી હતી. જેમાં ગ્રુપના યુવાન હર્ષ શાહ દ્વારા તેના પિતાની ૧૩ મી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે સ્પર્શ ગ્રુપના યુવાનો સાથે મળીને ગોધરા શહેરના બામરોલી રોડ પર આવેલ નવીનગરી વિસ્તારનાંના જરૂરિયાતમંદ બાળકોને ભોજન પીરસવામાં આવ્યું હતું. આમ યુવાનો દ્વારા વ્યર્થ ખર્ચ કરવાને બદલે સેવાકીય પ્રવૃતિ હાથ ધરવામાં આવી હતી.

## સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ મોરવા હડફ ખાતે ઈનોવેશન સમર કેમ્પ યોજાયો

મોરવા(હ),

ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ઉધોગસાહસિકતા વૃત્તિ વધે અને વિદ્યાર્થી અભ્યાસની સાથોસાથ આત્મવિશ્વાસ સાથે મૂલ્યવર્ધિત મોડેલોનું નિર્માણ કરે તે હેતુથી એક દિવસીય ઈનોવેશન સમર કેમ્પનું આયોજન મોરવા હડફ સરકારી કોલેજ ખાતે કરવામાં આવ્યુ. આ સમર કેમ્પમાં પંચમહાલ તથા મહિસાગર જિલ્લાની કુલ ૧૮ જેટલી કોલેજોના ૮૦ જેટલા અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. આ કેમ્પમાં તાલીમ ગુજકોસ્ટના માસ્ટર ટ્રેનર કેવલ પંચાલ દ્વારા આપવામાં આવી.

આ કેમ્પમાં વિજ્ઞાનના પ્રયોગો પરથી નવતર મોડેલ તૈયાર કરવા ઈલેકટ્રોનિકસની મદદથી નવા નવા ઉપકરણો બનાવવા એગ્રીકલ્ચર ખેતી વિશે ખેતી ના ક્ષેત્રમાં નવા નવા ક્રાંતિકારી પ્રયોગો કરી અને ખેતીના અને પાક માટેની નવી પદ્ધતિઓ શોધવી તેમજ ડ્રોનની મદદથી સામાજિક જીવનમાં ક્રાંતિ લાવી વિગેરે વિશેના પ્રયોગોનું નિર્દેશન અને સમજુતી આપવામાં આવી હતી. કાર્યક્રમના ઉદ્દઘાટન પ્રસંગે કોલેજના આચાર્ય ડો.કે.જી છાયાએ વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં આ કેમ્પ દ્વારા યુવાનોમાં નવી રચનાત્મક શક્તિઓને પ્રોત્સાહન મળશે તથા આ વિસ્તારમાં નવી પ્રવૃત્તિઓનો વિકાસ થશે એવી આશા વ્યકત કરી હતી. ઈનોવેશન કલબના કોઓર્ડીનેટર પ્રોફેસર રાકેશ તથા ડો.રાજેશ વણકર દ્વારા કેમ્પનું સુચારૂ આયોજન કરવામાં આવ્યું હતું.